પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૧૦ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૮-૦૪-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## પ્રકાશ સિંહ બાદલ પંચતત્વમાં વિલીન : વતનમાં અંતિમ સંસ્કાર; નડ્ડા,મુખ્યમંત્રી માન અને શરદ પવાર પણ હાજર રહ્યાં

લંબી,

પંજાબના પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશ સિંહ બાદલ પંચતત્વમાં વિલીન થઈ ગયા છે. તેમના મૂળ ગામ બાદલ ખાતે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. તેમના પુત્ર સુખબીર બાદલે તેમને મુખાગ્નિ આપી હતી. ગામના સ્મશાનમાં જગ્યાના અભાવને કારણે, તેમના કિન્નુઓના બગીચાવાળા ખેતરમાં રાજકીય સન્માન સાથે બાદલના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.આ પહેલા વહેલી સવારે પાર્થિવ દેહને અંતિમ દર્શન માટે ઘરે રાખવામાં આવ્યો હતો. અહીં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન, રાજ્યપાલ બીએલ પુરોહિત, જમ્મુ-



કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા,એનસીપીના વડા શરદ પવાર પણ પહોંચ્યા હતાં.આ ઉપરાંત કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરી,કેન્દ્રીય રાજયમંત્રી સોમ પ્રકાશ,પંજાબ પંજાબના અધ્યક્ષ અશ્વની શર્મા,પૂર્વ સાંસદ અવિનાશ રાય ખન્ના,પ્રદેશ ઉપાધ્યાક્ષ અરવિંદ સિંગલા,કેન્દ્રીય જળ શક્તિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે શ્રધ્ધાંજલિ પાઠવી હતી.

પંજાબના પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશ સિંહ બાદલનો મૃતદેહ અંતિમ દર્શન માટે ઘરે રાખવામાં આવ્યો હતો. જ્યારે, પૂર્વ સીએમ પ્રકાશ સિંહ બાદલના પાર્થિવદેહ સાથે આખો પરિવાર હાજર હતો. આ દરમિયાન પૂર્વ સીએમના પુત્ર સુખબીર બાદલ અને પુત્રવધૂ હરસિમરત કૌર અને તેમના બાળકો ભાવુક જોવા મળ્યા હતા. આ દરમિયાન સુખબીરે પિતા પ્રકાશ સિંહ બાદલને ગળે લગાવ્યા હતા.અતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો સામેલ થયા હતાં પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પણ પહોંચ્યા હતાં આ પ્રસંગે તેમની આંખો પણ નમ થઈ ગઈ હતી. તેમણે બાદલના પરિવારને સાંત્વના પાઠવી હતી ત્યારબાદ તેમની અંતિમ યાત્રા શરૂ કરવામાં આવી હતી પૂર્વ મુખ્યમંત્રીના પાર્થિવ દેહને ટ્રેક્ટરમાં ઘરેથી ખેતર સુધી (જ્યાં અંતિમ સંસ્કાર સ્થળે) લઈ જવામાં આવ્યો હતો.આ ટ્રેક્ટરને ફૂલોથી શણગારવામાં આવ્યું હતું જેના પર ફખ્ર-એ-કૌમ લખવામાં આવ્યું છે. ટ્રેક્ટર ટ્રોલીને વિશેષ રૂપથી ફુલોથી સજાવવામાં આવી હતી. ટ્રોલીની આગળ પ્રકાશ સિંહ બાદલની તસવીર લગાવવામાં આવી હતી. ટ્રોલીના કિનારે શિરોમણી અકાલી દળના ઝંડા પણ લગાવવામાં આવ્યા હતાં.

જ્યાં તેમના અંતિમ સંસ્કાર થયા હતાં તે ખેતરમાં ટેન્ટ લગાવવામાં આવ્યો હતો અને લોકો માટે ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.અંતિમ સંસ્કારમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાં.મુક્તિસર જીલ્લામાં આવેલ તેમના પૈતૃક ગામ બાદલમાં પુરા રાજકીય સમ્માનની સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતાં.અહીં ગમગીન વાતાવરણ બની ગયું હતું હાજર લોકોએ પ્રકાશ સિંહ બાદલ અમર રહેના સુત્રોચ્ચાર કર્યા હતાં પોલીસની વિશેષ ટુકડીએ બાદલને અંતિમ સલામી આપી હતી. આ સ્થળને થોડા દિવસો બાદ સ્મારકમાં ફેરવવામાં આવશે.

પૈતૃક ઘરથી તેમની સ્મશાનયાત્રા શરૂ થઈ હતી તેમના સમર્થકોની ભારે ભીડ એકઠી થઈ હતી શ્રી અકાલ તખ્ત સાહિબના વહીવટદાર ગિયાની હરપ્રીત સિંહ અને એસજીપીસી પ્રમુખ એડવોકેટ હરજિન્દર સિંહ ધામી પ્રકાશ સિંહ બાદલના પાર્થિવ દેહ પર શાલ અર્પણ કરી હતી.

૯૫ વર્ષીય પ્રકાશ સિંહ બાદલનું મંગળવારે રાત્રે લગભગ ૮.૪૫ વાગ્યે મોહાલીની એક હોસ્પિટલમાં નિધન થયું હતું. તેમને શ્વાસ લેવામાં તકલીફ પડતા અહીં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ ૫ વખત પંજાબના સીએમ રહી ચૂક્યા છે. તેઓ લંબી વિધાનસભા બેઠક પરથી સતત ૧૦ વખત ચૂંટણી જીત્યા હતા.પંજાબના ભૂતપૂર્વ સીએમ પ્રકાશ સિંહ બાદલ વયની દ્રષ્ટિએ ભારતના સૌથી વરિષ્ઠ નેતાઓમાંના એક હતા. વર્ષ ૧૯૨૭માં જન્મેલા બાદલે તેમની રાજકીય ઈનિંગ ૧૯૪૭માં શરૂ કરી હતી, તે જ વર્ષે જ્યારે દેશ આઝાદ થયો હતો.બાદલે ૭૫ વર્ષથી વધુની તેમની રાજકીય કારકિર્દીમાં ઘણી વખત જેલમાં ગયા હતા. બાદલે ૧૭ વર્ષ જેલમાં વિતાવ્યા હતા.

એ યાદ રહે કે આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી,કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગે,કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી બિહારના મુખ્યમંત્રી નીતીશકુમાર સહિત વિવિધ પક્ષોના આગેવાનોએ બાદલના નિધન પર ઉડા શોકની લાગણી વ્યકત કરી હતી.

## મુંબઈમાં આતંકવાદી હુમલાનો ડર !

## ૧ મે મહારાષ્ટ્ર દિવસ ઉપર આતંકવાદી હુમલાની આશંકા, ધારા ૧૪૪ લાગુ

મુંબઈ,

મુંબઈમાં ૧ મેના રોજ મહારાષ્ટ્ર દિવસના અવસર પર આતંકવાદી હુમલો થવાની આશંકા જતાવાઈ રહી છે. પરેડ દરમિયાન આતંકવાદી અને અસામાજિક તત્વો હુમલો કરી શકે છે તેવી માહિતી મળી રહી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ શિવાજી પાર્કની એર સ્પેસનો ઉપયોગ આતંકવાદી હુમલા માટે થઈ શકે છે. જોખમને ધ્યાનમાં રાખીને કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. આ સાથે દાદર, શિવાજી પાર્ક, માહિમ અને વરલીના ચાર પોલીસ સ્ટેશનોની હદને 'નો-ફ્લાઈંગ' ઝોન તરીકે જાહેર કરવામાં આવી છે.

શિવાજી પાર્કમાં આયોજિત પરેડ દરમિયાન આતંકી હુમલો થઈ શકે છે. આ માટે આતંકવાદીઓ શિવાજી પાર્કનો એરસ્પેસ તરીકે ઉપયોગ કરી શકે છે. માનવામાં આવે છે કે જો આ હુમલો થશે તો મોટી સંખ્યામાં લોકોના મોત થઈ શકે છે. જાહેર અને સરકારી સંપત્તિને પણ નુકસાન થઈ શકે છે. ૧ મેના રોજ મુંબઈના શિવાજી પાર્કમાં પરેડ યોજાવાની છે. એટલા માટે આતંકવાદીઓએ આ સ્થળ અને તારીખ પસંદ કરી છે.

આતંકવાદી હુમલાના કાવતરાને કારણે ક્ષેત્રમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. ગુપ્તચર વિભાગ તરફથી મળેલા ઈનપુટ બાદ શિવાજી પાર્કની આસપાસના વિસ્તારને નો-ફ્લાઈંગ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. મુંબઈ પોલીસ વિભાગની ટીમો પણ સંપૂર્ણ સતર્ક થઈ ગઈ છે. ત્યાંથી પસાર થતા દરેક શંકાસ્પદ વ્યક્તિની તપાસ કરવામાં આવી રહી છે.

જણાવી દઈએ કે મુંબઈને દેશની આર્થિક રાજધાની કહેવામાં આવે છે. ૨૬ નવેમ્બર ૨૦૦૮ના રોજ સરહદ પારથી આવેલા આતંકવાદીઓએ મુંબઈમાં મોટો આતંકવાદી હુમલો કર્યો હતો. મુંબઈની તાજ હોટેલ, નરીમાન હાઉસ અને ઓબેરોય હોટલમાં આતંકવાદીઓએ ગોળીઓથી હુમલો કરીને અનેક લોકોની હત્યા કરી હતી. આ આતંકી હુમલા બાદ મુંબઈ સંપૂર્ણપણે હચમચી ગયું હતું.

આ દરમિયાન આતંકવાદીઓએ મુંબઈના સૌથી વ્યસ્ત રેલવે સ્ટેશન છત્રપતિ શાહુજી ટર્મિનસ પર મુસાફરોને પણ નિશાન બનાવ્યા હતા. આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કરીને અનેક મુસાફરોની હત્યા કરી નાખી હતી.

## કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ પ્રધાનમંત્રી મોદીને ઝેરીલા સાંપ ગણાવ્યા

## મોદી ઝેરીલા સાપ જેવા છે. તમે વિચારી શકો છો કે આ ઝેર છે કે નહીં, પરંતુ તમે એને ચાખશો તો તમારું મોત થઈ જશે

બેંગલુરુ,

કોંગ્રેસ-અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઝેરી સાપ કહ્યા છે. ગુરુવારે કર્ણાટકના કલબુર્ગીમાં ચૂંટણી સભાને સંબોધતાં ખડગેએ કહ્યું- પીએમ મોદી ઝેરીલા સાપ જેવા છે. તમે વિચારી શકો છો કે આ ઝેર છે કે નહીં, પરંતુ તમે એને ચાખશો તો તમારું મોત થઈ જશે.



આ પછી યોજાયેલી સભામાં ખડગેએ કહ્યું હતું કે ભ્રષ્ટ ભાજપ સરકાર રાજ્યને લૂંટી રહી છે. અહીં દરેક કામ માટે ૪૦% કમિશન લેવામાં આવે છે. ભાજપ સરકાર એવા લોકોને મદદ કરે છે, જેમના પર કૌભાંડનો આરોપ છે, તેમને દેશ છોડીને ભાગવામાં મદદ કરે છે. પીએમ ખુદ ભ્રષ્ટાચારીઓને બચાવવામાં વ્યસ્ત છે.

નિવેદન પર થયેલા વિવાદ બાદ ખડગેએ સ્પષ્ટતા કરી હતી કે મેં તેમના (પીએમ મોદી) વિશે આવું નથી કહ્યું. હું કહેવાનો પ્રયત્ન કરી રહ્યો હતો કે તેમની વિચારધારા સાપ જેવી છે, તેને ચાખવાની કોશિશ કરશો તો મૃત્યુ નિશ્ચિત છે.

આજે શરૂઆતમાં, વડાપ્રધાને કર્ણાટકના ૫૦ લાખ ભાજપ કાર્યકર્તાઓને વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધિત કરતી વખતે, કોંગ્રેસ પર તેનાં ચૂંટણી વચનો પૂરાં ન કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે કોંગ્રેસ એટલે ખોટી ગેરંટી, કોંગ્રેસ એટલે ભ્રષ્ટાચારની ગેરંટી. તેના જવાબમાં ખડગેએ પૂછ્યું કે શું પીએમ મોદી પાસે એવો કોઈ ડેટા છે જે સાબિત કરે કે કોંગ્રેસનાં વચનો પૂરાં થયાં નથી.

ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયાએ ખડગેના નિવેદનનો વીડિયો ટ્વીટ કર્યો અને લખ્યું છે કે આના પરથી કોંગ્રેસની હતાશા દેખાઈ રહી છે. કોંગ્રેસ-અધ્યક્ષે પીએમ મોદીને ઝેરી સાપ કહ્યા છે. કોંગ્રેસ સતત ખાડામાં ઊતરી રહી છે. આ હતાશા દર્શાવે છે કે કોંગ્રેસ કર્ણાટકમાં મેદાન ગુમાવી રહી છે.

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે કોંગ્રેસે મલ્લિકાર્જુન ખડગેને પાર્ટી અધ્યક્ષ બનાવ્યા, પરંતુ તેમને કોઈ અધ્યક્ષ માનતું નથી. આથી તેમણે આવું નિવેદન આપવાનું વિચાર્યું. પીએમ મોદી વિશે ખડગેનું નિવેદન સોનિયા ગાંધીના નિવેદન કરતાં પણ ખરાબ છે. તમને જણાવી દઈએ કે ૨૦૦૭ની ગુજરાત વિધાનસભા ચૂંટણી દરમિયાન સોનિયા ગાંધીએ પીએમ મોદીને મોતના સોદાગર કહ્યા હતા. એ જ સમયે કોંગ્રેસના નેતા જયરામ રમેશે ટ્વીટ કર્યું છે કે ૧૦ મેના રોજ કર્ણાટકના લોકો ભાજપની ૪૦ % કમિશનવાળી સરકારને ખતમ કરવાની ગેરંટી આપશે. કોંગ્રેસની ગેરંટી રાજ્યમાં લાગુ કરવામાં આવશે, જેમ કે અમે રાજસ્થાન, છત્તીસગઢ અને હિમાચલ પ્રદેશમાં કર્યું છે.

પીએમ મોદીના નિવેદન પર જયરામ રમેશે કહ્યું હતું કે પીએમએ નિરાશા અને હતાશામાં આ ટિપ્પણી કરી છે. તેમણે લખ્યું છે કે ગૃહમંત્રી અમિત શાહ અને યુપીના સીએમ યોગી બાદ હવે પીએમ મોદી હતાશાને કારણે અપમાનજનક ટિપ્પણી કરી રહ્યા છે.પીએમની ટિપ્પણીના કલાકો બાદ જ જયરામનો જવાબ આવ્યો.

તેમણે કહ્યું હતું કે કોંગ્રેસે રાજસ્થાનમાં જૂની પેન્શન યોજના, ૧૨૫ દિવસ કામ, આરોગ્યનો અધિકાર અને ચિરંજીવી યોજના લાગુ કરી. અમારી પાર્ટીએ છત્તીસગઢમાં ખેડૂતોની લોન માફી, રાજીવ ગાંધી કિસાન ન્યાય યોજના અને જૂની પેન્શન યોજના પૂર્ણ કરી. અમે ૨૦૧૩માં સરકાર બનાવી અને ૨૦૧૮ સુધી સત્તામાં હતા. અમારાં વચનોમાંથી લગભગ ૧૦૦% પૂરાં થયાં છે. કર્ણાટક વિધાનસભાની ચૂંટણી ૧૦ મેના રોજ છે. પીએમ મોદી ૨૮ એપ્રિલે ચૂંટણીપ્રચાર માટે મેદાનમાં ઊતરશે. આ વર્ષે પીએમ મોદીએ ચૂંટણીપ્રચાર પહેલાં આઠ વખત કર્ણાટકની મુલાકાત લીધી છે. છેલ્લી વખત તેઓ ૯ એપ્રિલે અહીં આવ્યા હતા. એ પહેલાં તેઓ ૨૫ માર્ચે ભાજપની રાજયવ્યાપી 'વિજય સંકલ્પ યાત્રા'ના સમાપન નિમિત્તે કર્ણાટકના દાવંગેરે પહોંચ્યા હતા અને રોડ શો પછી જાહેરસભાને સંબોધી હતી.

## નક્સલીઓ ૪ દિવસથી હુમલાની તૈયારી કરી રહ્યા હતા : દોઢ કિમી સુધી બ્લાસ્ટનો અવાજ સંભળાયો

દંતેવાડા,

છત્તીસગઢના દંતેવાડા જિલ્લામાં છેલ્લા ૪ દિવસથી નક્સલવાદીઓ ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડના જવાનોના વાહનને ઉડાવી દેવાની તૈયારી કરી રહ્યા હતા. નક્સલવાદીઓએ બુધવારે બપોરે ૧:૩૦થી ૨:૦૦ વાગ્યાની વચ્ચે અરનપુર-સમેલીમાં ૫૦ કિલોનો ઈંઢ બ્લાસ્ટ કર્યો હતો, જેમાં ૧૦ પોલીસકર્મી શહીદ થયા હતા અને એક ડ્રાઈવર શહીદ થયો હતો. બ્લાસ્ટનો અવાજ લગભગ દોઢ કિમી સુધી સંભળાયો હતો. સૈનિકો અને વાહનના ટુકડાઓ ઊડીને ૬૦-૭૦ મીટર દૂર સુધી પડ્યા હતા. સુરક્ષા દળોના બે અલગ અલગ કેમ્પ વચ્ચે નક્સલવાદીઓની નાની ટીમે આ હુમલો કર્યો હતો.

ડીઆરજીની પ્લાટૂન નંબર ૧, જેને નક્સલવાદીઓએ નિશાન બનાવ્યું હતું, તે દંતેવાડાની સૌથી મજબૂત ટીમ હતી. એમાં આત્મસમર્પણ કરનારા નક્સલવાદીઓ પણ આમાં હાજર હતા અને તેથી આવી ટીમોથી નક્સલવાદીઓને સૌથી વધુ જોખમ હોય છે.

નક્સલવાદીઓના ડિવિઝનલ કમિટી મેમ્બર જગદીશ છેલ્લા ૪ દિવસથી કકાડી, નહાડી, ગોંડેરાસનાં જંગલોમાં માઓવાદીઓની બેઠક કરી રહ્યા હતા. જગદીશ સાથે લગભગ ૩૦થી ૩૫ સશસ્ત્ર માઓવાદીઓ પણ હાજર હતા. જેઓ ટીસીઓસી દરમિયાન કોઈ મોટી ઘટનાને અંજામ આપવા માટે વ્યૂહરચના ઘડી રહ્યા હતા. દંતેવાડા પોલીસને ઈન્ટેલિજન્સ તરફથી નક્સલવાદીઓની હાજરીની માહિતી મળી હતી.

દંતેવાડા પોલીસ અધિકારીઓ ઓપરેશન પર જવાનોને મોકલવા માટે વરિષ્ઠ અધિકારીઓ પાસેથી પરવાનગી માગી રહ્યા હતા, જોકે મંજૂરી મળતાં ૨ દિવસ લાગ્યા હતા. ત્યાર બાદ મંગળવારે જવાનોને ઓપરેશન પર મોકલવા માટે લીલી ઝંડી મળી હતી. એ બાદ ૨૫ એપ્રિલે દંતેવાડા ડીઆરજીની સમગ્ર ૬ ટીમને નક્સલ ઓપરેશન પર મોકલવામાં આવી હતી, જેમાં ૩૦૦થી વધુ જવાનો સામેલ હતા. ૨૫ એપ્રિલે સાંજે ૬થી ૭ વાગ્યાની વચ્ચે જવાનોને મોટાં વાહનોમાં અલગ-અલગ સ્થળોએ ઉતારવામાં આવ્યા હતા, જેથી નક્સલવાદીઓને ચારેબાજુથી ઘેરી શકાય. આ પૈકી ડીઆરજીની પ્લાટૂન નંબર ૧ને અરનપુરના જંગલમાં છોડવામાં આવી હતી. અહીંથી જ નક્સલવાદી કમાન્ડર જગદીશને ઘેરવા માટે જવાનો રાત્રે જ જંગલમાં ઘૂસી ગયા હતા. નક્સલવાદીઓને મોટા વાહનમાં જવાનોને જંગલમાં છોડી દેવાના સમાચાર મળ્યા હતા. નક્સલવાદીઓ પહેલાંથી જ સતર્ક હતા. ૨૬ એપ્રિલની સવારે જેવા જ જવાનો નક્સલવાદીઓનાં ઠેકાણાં પર પહોંચ્યાં કે તરત જ બંને તરફથી ગોળીબાર થયો. જોકે નક્સલવાદી કમાન્ડર જગદીશને પોલીસ ઘેરી ન શકી અને તે ફરાર થઈ ગયો. અધિકારીઓની સૂચના બાદ તમામ જવાનો જંગલ છોડીને જિલ્લા મુખ્યાલય પરત ફર્યા હતા. આમાં ડીઆરજીની પ્લાટૂન નંબર ૧ અરનપુર પહોંચી હતી. જવાનોને લેવા ગાડીઓ ગઈ છે, તેવી નક્સલવાદીઓને બાતમી મળી ગઈ હતી.

નક્સલવાદીઓ જાણતા હતા કે સૈનિકો મોટા વાહનમાં આવ્યા છે, તેથી તેઓ એ જ વાહનમાં જશે, તેથી સૈનિકોથી ભરેલા વાહનને નિશાન બનાવવાની રણનીતિ બનાવવામાં આવી હતી. આ ઘટનાને અંજામ આપવાની જવાબદારી નક્સલવાદીઓની સ્મોલ એક્શન ટીમને સોંપવામાં આવી હતી. ભાસ્કરનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, અરનપુર-સમેલી કેમ્પ વચ્ચે જ્યારે રોડ બનાવવાનું કામ ચાલી રહ્યું હતું ત્યારે જ નક્સલવાદીઓએ કમાન્ડ આઈઈડી લગાવી દીધું હતું. રસ્તાથી જંગલ તરફના લગભગ ૭૦થી ૮૦ મીટર લાંબા વાયરો પાથરી દેવામાં આવ્યા હતા.

## અમેરિકામાં દિવાળીને સેનેટ દ્વારા નેશનલ હોલિડે તરીકેની મંજૂરી મળી

પેન્સિલવેનિયા,

અમેરિકાના પેન્સિલવેનિયામા દિવાળીને નેશનલ હોલિડે જાહેર કરાયો છે.જેના કારણે દિવાળીના અવસરે સત્તાવાર રજા રહેશે.ત્યારે આ અંગે પેન્સિલવેનિયાના સેનેટર નિકિલ સાવલે ટ્વિટ કરીને માહિતી આપી હતી પેન્સિલવેનિયા સ્ટેટની સેનેટે સર્વાનુમતે આ નિર્ણય લીધો છે.જેમા તેમણે હિન્દુઓના તહેવાર દિવાળીને નેશનલ હોલિડે તરીકે માન્યતા આપી છે.

પેન્સિલવેનિયામાં ૨ લાખ દક્ષિણ એશિયાઈ લોકો રહે છે.જેમાથી મોટાભાગના લોકો દિવાળીનો તહેવાર ધામધૂમથી ઉજવે છે.આમ દર વર્ષે રોશનીનું આ પાવન પર્વ દિવાળી લોકોના ઘર,મંદિરો અને જાહેર સ્થળોએ ઉજવાય છે.આમ દર વર્ષે કાર્તિક મહિનાની અમાસે દિવાળી ઉજવાય છે ત્યારે હિન્દુઓની માન્યતા અનુસાર આ દિવસે ૧૪ વર્ષના વનવાસ બાદ ભગવાન શ્રીરામ માતા સીતા સહિત અયોધ્યાથી પરત ફર્યા હતા.

## કોંગ્રેસે કર્ણાટકમાં ભાજપ અને અમિત શાહ વિરુદ્ધ નોંધાવી ફરિયાદ

નવીદિલ્હી,

કોંગ્રેસી નેતાઓએ કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના નેતા અમિત શાહ તથા ભાજપ વિરુદ્ધ બેંગલુરુના હાઈ ગ્રાઉન્ડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે આરોપ લગાવ્યો કે, ભાજપે કથિત રીતે ભડકાઉ નિવેદનો આપ્યા છે તથા દુશ્મની અને નફરતને પ્રોત્સાહન આપ્યું અને વિપક્ષને બદનામ કરવાનું કામ કર્યું છે. જે નેતાઓએ ફરિયાદ નોંધાવી છે તેમાં રણદીપ સિંહ સુરજેવાલા, ડૉ. પરમેશ્વર અને ડીકે શિવકુમાર સામેલ છે.

આ પહેલા કોંગ્રેસના નેતા રણદીપ સિંહ સુરજેવાલાએ આ અંગે ટ્વીટ પણ કર્યું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે, ભાજપ અને અમિત શાહ દરરોજ કર્ણાટકનું અપમાન કરી રહ્યા છે. પ્રિયંકા ગાંધીએ કર્ણાટકમાં ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા દ્વારા આપવામાં આવેલી તાજેતરની ટિપ્પણી પર શાસક પક્ષ પર પણ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, કર્ણાટકને હાલના કોઈ નેતાના આશીર્વાદની જરૂર નથી અને 'જો તેઓ વોટ ન આપવા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આશીર્વાદ ન મળવાની ધમકી આપવી એ રાજ્યની જનતાનું અપમાન છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

એ.એસ. ખડપાવાલા

તરફથી અભીનંદન....

મુ. ખડપા,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

કે. એમ. વોરા

તરફથી અભીનંદન....

મુ. ભિલોડ,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ઘી ખરખડી દુધ ઉ. સ.મં.લી.

તરફથી અભીનંદન....

મુ. ખરખડી ની મુ.,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

## જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશો ભારતનો અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો હતા, છે અને રહેશે : ભારત

નવીદિલ્હી,

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી કાઉન્સેલર પ્રતીક માથુરે કહ્યું કે, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશો ભારતનો અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો હતા, છે અને રહેશે. તેમણે કહ્યું કે, કોઈપણ દેશ ખોટી માહિતી, રેટરિક અને પ્રચાર દ્વારા આ હકીકતને અસ્વીકાર કરી શકશે નહીં.

પ્રતીક માથુરે સંયુક્ત રાષ્ટ્રમાં સુધારાની જરૂરિયાત પર ભાર મૂકતા કહ્યું કે, સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'વીટો પહેલ' અપનાવ્યાને એક વર્ષ વીતી ગયું છે. વીટો પર ભારતની સ્થિતિ સતત અને સ્પષ્ટ રહી છે. યુએનજીએએ ૨૦૦૮માં સર્વસંમતિથી સંમતિ આપી હતી કે યુએન એસસી સુધારાના તમામ પાંચ પાસાઓ, જેમાં વીટોના ??પ્રશ્નનો સમાવેશ થાય છે, વ્યાપક રીતે નિર્ણય લેવામાં આવશે અને તેથી તેને કોઈ એક જૂથથી અલગ કરીને સંબોધવામાં આવશે નહીં.

તેમણે કહ્યું કે, માત્ર પાંચ સભ્ય દેશોને જ વીટોનો ઉપયોગ કરવાનો વિશેષાધિકાર છે. તે રાજ્યોની સાર્વભૌમ સમાનતાના ખ્યાલની વિરુદ્ધ છે અને માત્ર બીજા વિશ્વયુદ્ધની માનસિકતાને કાયમી બનાવે છે. ભારતીય પ્રતિનિધિએ કહ્યું કે, કાં તો તમામ રાષ્ટ્રો સાથે મતદાનના અધિકારની દ્રષ્ટિએ સમાન વર્તન કરવામાં આવે અથવા નવા સ્થાયી સભ્યોને પણ વીટો આપવો જોઈએ.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લા સ્વાગત કાર્યક્રમ કલેક્ટર કચેરી ખાતે કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજાયો



મહીસાગર,

જાહેર જનતાના પ્રશ્નોનું સ્થાનિક કક્ષાએ જ નિરાકરણ થઈ શકે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા તેઓના મુખ્યમંત્રીકાળ દરમિયાન શરૂ કરાયેલ સ્વાગત કાર્યક્રમને ૨૦ વર્ષ થઈ ગયા છે. આ ૨૦ વર્ષમાં અસંખ્ય લોકોએ સ્વાગત કાર્યક્રમ થકી પોતાની મુશ્કેલીઓનું સ્થાનિક કક્ષાએથી જ નિરાકરણ મેળવ્યું છે. હાલમાં રાજ્ય સરકાર દ્વારા 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આજરોજ મહીસાગર જિલ્લાના કલેકટર કચેરી મિટિંગ હોલ ખાતે કલેકટર ભાવિન પંડ્યાના અધ્યક્ષ સ્થાને જિલ્લા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં આજરોજ કુલ ૧૩ જેટલી અરજીઓ આવેલ હતી, આ તમામ પ્રશ્નોનોના સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. જિલ્લામાં આજરોજ જિલ્લા સ્વાગત કાર્યક્રમ હેઠળ વિવિધ વિભાગો માટેની કુલ ૧૩ ફરીયાદો હતી. આ તમામ ફરીયાદોના અરજદારઓને સંબધિત વિભાગના અધિકારીઓની હાજરીમાં જિલ્લા કલેક્ટર દ્વારા સાંભળવામાં આવી હતી અને હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

હકારાત્મક નિકાલ થતા ખુશખુશાલ એવા અરજદારો સાથે વાત કરતા તેઓએ સરકારના સ્વાગત કાર્યક્રમનો તેમજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ વડા અરજદારો સહિત તમામ જિલ્લા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં કલેકટર દ્વારા અરજીઓનો હકારાત્મક નિકાલ



મહીસાગર,

સમસ્યાઓના ત્વરિત સમાધાન કરતા કાર્યક્રમ સ્વાગત થકી નાગરિકોના વણ ઉકેલ્યા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવે છે. અરજદારોએ આ કાર્યક્રમ થકી વર્ષોથી ચાલી આવતી ઘણી સમસ્યાઓના ઉકેલ મેળવ્યા છે, ત્યારે સ્વાગત કાર્યક્રમના ૨૦ વર્ષ પુર્ણ થવાના અવસરે જિલ્લામાં સ્વાગત સપ્તાહની ઉજવણીના ભાગરૂપે, મહીસાગર જિલ્લાનાં કલેકટર કચેરી ખાતે મહીસાગર કલેકટર ભાવિન પંડ્યાના અધ્યક્ષ સ્થાને યોજાયેલાં જિલ્લા સ્વાગત કાર્યક્રમ અંતર્ગત અરજદારોએપોતાની સમસ્યાઓના ઉકેલ કે સમાધાન મળતા સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

એમાંના એક મહીસાગર જિલ્લાના લુણાવાડાના વતની જાગૃતિબેન ભોઈને છેલ્લા ત્રણ વર્ષથી માલિકીની જમીનમાં હવાઈ દબાણની સમસ્યા હતી. તેમના દ્વારા વારંવાર રજુવાત કરવા છતાં તેમની સમસ્યાનો કોઈ નિકાલ આવતો ન હતો. ત્યારે આજ રોજ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં પ્રશ્નની રજૂઆત કરતા કલેકટર દ્વારા ધ્યાન પૂર્વક સાંભળી સંબંધિત અધિકારીને આજ સાંજ સુધી હવાઈ દબાણ હટાવવા આદેશ કરાયા અને તેનો તરત જ અમલ કરવામાં આવ્યો.

જાગૃતિબેન ભોઈ દ્વારા જણાવ્યું કે સરકારના આવા કાર્યક્રમો સમયાંતરે થતા રહેવા જોઈએ, અમારા જેવા લોકો કચેરીના ધક્કા ખાઈ ખાઈને થાકી જાય તો પણ સમસ્યાનું નિરાકરણ ન આવે અથવા અમને કાયદાકીય કે સરકારી ગુચવણમાં નાખી નિરાશા જ હાથ લાગે. જયારે જિલ્લામાં તમામ અધિકારીઓની હાજરીમાં અમારો પ્રશ્ન મુકાય અને જિલ્લા અને કલેક્ટર જેવા મોટા અધિકારી હાજર હોય તો અમારા પ્રશ્નનું નિરાકરણ સ્થળ પર જ આવે તેવી તમામ શક્યતાઓ છે. અમે આજે ખુબ ખુશ છીએ કે વર્ષો બાદ અમને આજે અમારી માલિકીની જમીન મળી છે.

# શહેરા પાલિકાના રોજમદાર ૩૮ સફાઈ કર્મચારીઓ વેતન સહિતની માંગ લઈ હડતાળ ઉપર ઉતર્યા


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા નગર પાલિકાના રોજમદાર તરીકે ફરજ બજાવતા ૩૮ જેટલા સફાઈ કામદારો લઘુત્તમ વેતન સહિતની અન્ય માર્ગને લઈને ગુરૂવાર ના રોજ હડતાલ પર ઉતર્યા હતા. હડતાલ પર ઉતરેલા ૩૮ જેટલા સફાઈ કામદારો પાલિકા કચેરી ખાતે બેનરો સાથે બેસીને તેમની માંગણી ચીફ ઓફિસર વહેલી તકે સ્વીકારે એવી માંગ કરી રહ્યા હતા. જોકે પાલિકાના ચીફ ઓફિસર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ચાલુ માસ દરમિયાન ૧૫૦૦ રૂપિયા જેટલો પગાર વધારો તમામ રોજમદારોનો કરવામાં આવ્યો હતો. પાલિકામાં સારી એવી આવક થશે તો જુલાઈ માસમાં તેમને લઘુત્તમ વેતન મુજબ પગાર ચૂકવવામાં આવશે અને આવનાર દિવસોમાં ૧૬ જેટલા સફાઈ કામદારોને કાયમી કરવા માટેની કાર્યવાહી પણ કરવામાં આવનાર છે. હાલ તો પાલિકાના સફાઈ કામદારો તેમની વિવિધ માંગણીઓને લઈને હડતાલ પર ઉતરતા નગર વિસ્તારની સફાઈ સેવા પર થોડીગણી અસર થવા પામી હતી.

# ખરેડીના કેડેટ સમર કેમ્પમાં બાળકોને પોલીસે ફાયર ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગેનો લાઈવ ડેમોસ્ટ્રેશન આપવામાં આવ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના ખરેડી સ્થિત એકલવ્ય મોડેલ શાળામાં જિલ્લા પોલીસ દ્વારા તેમજ સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત શાળાના બાળકો વચ્ચે SPCના ૬ દિવસીય અંતર્ગત બાળકોને માહિતી માર્ગદર્શન તેમજ તાલીમ અને વિશેષ કાર્યક્રમો અંતર્ગત બાળકોને વ્યક્તિ વિશેષ કાર્યક્રમો બતાવવામાં તેમજ ફિલ્મ નિહાળવામાં અને જુદી જુદી પ્રકારનું નિદર્શન બતાવવામાં આવ્યું હતું. જેમાં ૨૫મી એપ્રિલના રોજ બીજા દિવસે પણ દાહોદ જિલ્લા પોલીસ– સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા આયોજિત SPC ના છ દિવસીય સમર કેમ્પમાં આજરોજ બાળકોને વ્યક્તિ વિશેષ કાર્યક્રમ, SPC કેડેટ અભિવ્યક્તિ કાર્યક્રમ, ફાયર સ્ટેશન દ્વારા બાળકોને ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગેનો લાઈવ ડેમોસ્ટ્રેશન આપવામાં આવ્યો હતો. જેમાં બાળકોએ આનંદની સાથે કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

### ભારતમાં ૬ માંથી ૧ જળસ્ત્રોતનો કોઈ ઉપયોગ જ નથી થતો

# વધતી વસતી અને વધતા શહેરીકરણથી ભવિષ્યમાં પાણીની સમસ્યા મોઢુ ફાડી શકે



નવીદિલ્હી,

ભારતીય ચોમાસાનો આ વખતે અલ-નીનો પ્રભાવીત કરે તેવી આશંકા અને સંભવીત પાણી-કૃષિ-સિંચાઈના પ્રશ્નો સામે કેન્દ્ર સક્કારે આગોતરી તૈયારી શરૂ કરી જ છે જયારે એવો ચોંકાવનારો રીપોર્ટ બહાર આવ્યો છે કે ભારતમાં કુલ ૨૪ લાખ જળસ્ત્રોત છે પરંતુ તેમાં ૬ માંથી ૧ જળસ્ત્રોતના કોઈ ઉપયોગ જ થતાં નથી.કેન્દ્ર સરકારે દીવ-દમણ તથા લક્ષદ્વિપ સિવાય દેશના તમામ રાજયો-કેન્દ્ર શાસીત પ્રદેશોનાં જળસ્ત્રોતોનો સર્વે કરાયો હતો. પ્રથમ વખત આવો સર્વે કરાવ્યો હતો. કેન્દ્રીય જળશકિત મંત્રાલયના કહેવા પ્રમાણે વધતી વસતી અને વધતા શહેરીકરણથી સંભવીત જળ સમસ્યાનું આકલન કરવા આ કવાયત કરવામાં આવી છે.દુનિયાની ૧૮ ટકા વસતી માત્ર ભારતમાં છે. પરંતુ દુનિયાનાં કુલ જળસ્ત્રોતોમાં ભારતનો હિસ્સો માત્ર ચાર ટકાનો છે.

ઔદ્યોગીક વપરાશ કે પીવાના પાણી માટે ઉપયોગમાં લેવાતા કુદરતી કે માનવ નિર્મિત જળસ્ત્રોતોને આ ગણતરીમાં લેવામાં આવ્યા હતા. ધાર્મિક માન્યતા ધરાવતા તથા ભૂગર્ભ જળ આધારીત સ્ત્રોતોની પણ ગણતરી કરવામાં આવી હતી. જોકે નદી ઉપરાંત ખાણખનીજ પ્રવૃતિના સ્ત્રોતોને સામેલ કરાયા ન હતા.

સમગ્ર દેશમાં સૌથી વધુ ૩૦ ટકા જળસ્ત્રોત પશ્ચિમ બંગાળમાં હોવાનું માલુમ પડયુ છે. સૌથી વધુ તળાવ-સરોવર આ રાજયમાં છે. જયારે માત્ર તળાવની ગણતરીમાં તામીલનાડૂમાં તેની સૌથી વધુ સંખ્યા છે. સૌથી વધુ પાણીના ટાંકા આંધ્રપ્રદેશમાં છે.જયારે જળ સંચય આધારીત સૌથી વધુ સ્ત્રોત મહારાષ્ટ્રમાં હોવાનું માલુમ પડયુ છે. રીપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે ૨૪ લાખમાંથી ૨૦.૩ લાખ અર્થાત ૮૩.૭ ટકા જળસ્ત્રોતનો નિયમીત ઉપયોગ થાય છે.પરંતુ ચાર લાખ અર્થાત ૧૬.૩ ટકાનો કોઈ ઉપયોગ જ થતો નથી. પાણીનું સ્તર ઘણુ નીચે ઉતરવા, પ્રદુષણ, દબાણ જેવા કારણો જવાબદાર છે.રીપોર્ટમાં એવુ પણ માલુમ પડયુ છે કે ૩૮૪૯૬ જળસ્ત્રોત પર જુદા જુદા તત્વોએ ગેરકાયદે દબાણ કરીને કબ્જો જમાવી લીધો છે. ખેતરો અથવા બાંધકામ ખડકાઈ ગયા છે. તેમાં ૯૫.૪ ટકા ગ્રામ્ય સ્તરે જ છે.

ભારતમાં કુલ ૨૪.૨ લાખ જળસ્ત્રોત છે તેમાંથી ૧૯ લાખ માનવનિર્મિત છે જે ૭૮ ટકા થવા જાય છે. રીપોર્ટમાં એવું પણ બહાર આવ્યું છે કે ૫૫ ટકા જળસ્ત્રોતની ખાનગી માલીકી છે. જાહેર જળસ્ત્રોત સૌથી વધુ પંચાયતો પાસે છે ત્યારબાદ રાજયોના પાણી પુરવઠા તથા સિંચાઈ વિભાગો પાસે છે. બાકીના જળસ્ત્રોત સહકારી સંસ્થાઓ, સ્થાનિક સતામંડળ તથા અન્ય સરકારી એજન્સીઓ પાસે છે.

પાણીનો ઉપયોગ પીવાથી માંડીને સિંચાઈ, ઔદ્યોગીક સહિતની અનેકવિધ પ્રવૃતિઓમાં કરવામાં આવતો હોય છે. પીવાના પાણીને લાગેવળગે છે ત્યાં સુધી ૧૦માંથી માત્ર એક જ જળસ્ત્રોત તે માટે ઉપલબ્ધ છે. બાકીના મોટાભાગના સિંચાઈ-ઔદ્યોગીક વપરાશ વગેરે માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

રીપોર્ટમાં વૈશ્ર્વિક સરખામણી પણ કરવામાં આવી છે. ભારત દુનિયામાં સૌથી વધુ વસતી ધરાવતો દેશ છે. ચીનથી પણ આગળ નીકળી ગયો છે. વિશ્ર્વની ૧૮ ટકા વસતી ભારતમાં વસવાટ કરે છે પરંતુ જળસ્ત્રોતની સંખ્યાને લાગેવળગે છે ત્યાં સુધી માત્ર ૪ ટકા હિસ્સો છે.

દેશના મોટાભાગના જળસ્ત્રોત કયારેય પૂર્ણ ક્ષમતાએ ભરાયા નથી. ૫૯ ટકા ૭૫થી પણ ઓછા ભરાતા હોય છે જયારે ૭ ટકામાં નામ પુરતુ પાણી હોય છે. સર્વેમાં ૨૦૧૭-૧૮નો રેફરન્સ ગણવામાં આવ્યો હતો તેમાં મોટાભાગના કયારેય પુરા ભરાયા ન હોવાનું માલુમ પડયું હતું. જો કે, ૪૮ ટકા દર વર્ષે ભરાય છે.

# લુણાવાડા એડીશનલ સેશન્સ કોર્ટ દ્વારા સંતરામપુર તાલુકાના પોકસોના આરોપીને ૩ વર્ષની સજા ફટકારી

લુણાવાડા,

સંતરામપુર પોલીસ મથકે ૨૦૨૨માં અસ્થિર મગજની સગીરાની ઈજજત લેવાની કોશીષની ફરિયાદ નોંધાઈ હતી. તે કેસ લુણાવાડા એડીશનલ સેશન્સ જજ કોર્ટમાં પોકસો કેશ ચાલી જતાં આરોપીને ત્રણ વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકારવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ સંતરામપુર પોલીસ મથકે ભીંડા તલાવડી વિસ્તારના આરોપી રંગુ ઉર્ફે રમેશભાઈ લાલાભાઈ ખાંટ એ ૨૦૨૨માં અસ્થિર મગજની સગીરાની સાથે એકલતાનો લાભ લઈ ઈજ્જત લેવાની કોશીષ કર્યાના ગુન્હામાં પોકસો હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. આ કેશ મહિસાગર એડીશનલ સેશન્સ જજ કોર્ટ સ્પે. પોકસો કેશ ચાલી જતાં સરકારી વકીલ જયવીરસિંહ જે સોલંકીની દલીલો ગ્રાહ્ય રાખી સ્પે.પોકસો જજ દ્વાર આરોપી રંગુ ઉર્ફે રમેશભાઈ લાલાભાઈ ખાંટને ૩ વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકારવામાં આવ્યો અને આરોપીએ ભોગ બનનાર વતી તેના પિતાને ૨૫,૦૦૦/–રૂપીયાની વળતર ચુકવવા હુકમ કરાયો.

# દાહોદ આગાવાડા જીલ્લા પંચાયત સીટ બેઠકનું આયોજન કરાયું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તારીખ. ૨૭/૦૪/૨૦૨૩, ગુરૂવારે આગાવાડા જિલ્લા પંચાયત સીટ બેઠકનું આયોજન કરવામા આવ્યું. આગામી કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને જે બેઠકમાં જિલ્લા ભાજપના મહામંત્રી દાહોદ ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી તથા ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર તાલુકા ભાજપ પ્રમુખ મુકેશ લબાના, તાલુકા પંચાયત પ્રમુખ વિજયભાઈ પરમાર, જીલ્લા પંચાયત કારોબારી સભ્ય ઝિથરાભાઈ ડામોર, તાલુકા પંચાયત ઉપપ્રમુખ સુરેન્દ્રસિંહ નાયક, ATVT સભ્ય મગનભાઈ માવીની ઉપસ્થિતિમાં કરવામાં આવી. નીચે મુજબના અપેક્ષિત કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા.

# દાહોદ બાવકા જીલ્લા પંચાયત સીટ બેઠક યોજાઈ

દાહોદ,

તારીખ, ૨૭/૦૪/૨૦૨૩, ગુરૂવારે બાવકા જિલ્લા પંચાયત સીટ બેઠકનું આયોજન કરવામાં આવ્યું. આગામી કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને જે બેઠકમાં ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરની ઉપસ્થિતિમાં કરવામાં આવી. મારી સાથે જિલ્લા પંચાયત પક્ષના નેતા પર્વતભાઈ ડામોર, તાલુકા ભાજપ પ્રમુખ મુકેશ લબાના, મહામંત્રી નવલભાઈ ભાભોર, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન જયેશ પરમાર, તાલુકા પંચાયત સભ્યો, સરપંચો, સયોજકો, બુથ પ્રમુખોની ઉપસ્થિતિમાં કરવામાં આવી અપેક્ષિત કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા.

# દાહોદના લીમડાબરા સહિત ૭ ગામોના ખેડુતોને જીવામૃત બનાવવા નિદર્શન કરાયું

દાહોદ,

દાહોદ તાલુકાના લીમડાબરા સહીત ૭ ગામોના ખેડૂતોને જીવામૃત બનાવવાની પદ્ધતિનું નિદર્શન ખેતીવાડી વિભાગ દ્વારા કરાવવામાં આવ્યું.

દાહોદ જિલ્લા ખેતીવાડી વિભાગ તેમજ જિલ્લા ગ્રામ સેવક મંડળ દ્વારા જિલ્લામાં તેમજ તાલુકાના ખેતી કરતા ખેડૂતો માટે તાલીમનું આયોજન તેમજ ખેડૂતોને નિદર્શન કરાવવામાં આવી રહ્યું છે. તે અંતર્ગત દાહોદ જિલ્લામાં તેમજ તાલુકા મથકોના ખેડૂતોને ખેતીવાડી વિભાગ તેમજ જિલ્લા ગ્રામ સેવક મંડળના અધિકારીઓ કર્મચારી દ્વારા જિલ્લાના તેમજ તાલુકાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત ૨૫મી એપ્રિલના રોજ દાહોદ જીલ્લાનાં ૧) ઝાલોદ તાલુકાના મહુડી ગામે, ૨) દાહોદ તાલુકાના સાકરદા, ડોકી, કઠલા, લીમડાબરા, તનાસિયા, મોટી ખરજ અને હિમાલા ગામમાં પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત તાલીમનું આયોજન જેમાં જીવામૃત બનાવવાની પદ્ધતિનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું.

# બાલાસિનોરિ રૈયોલી બાજા ખાટની વાવ મુકામે પ્રાકૃતિક ખેતી તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું



બાલાસીનોર,

આજ સુધીમાં મોટા ભાગના ગ્રામ પંચાયતોમાં કલસ્ટર બેઝ એક પંચાયત નક્કી કરી પ્રાકૃતિક ખેતી કરવા અંગે જરૂરી તમામ માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવેલ તેમજ બિજામૃત, જીવામૃત, ઘનજીવામૃત જેવા આયામો વિશે ખેડૂતોને ફિલ્ડમાં નિદર્શન કાર્યક્રમ યોજાયા.

આજે રૈયોલી બાજાખોટ વાય મુકામે પ્રાકૃતિક ખેતી તાલીમ શિબિરનું આયોજન કરેલ હતું. જેમાં ગામના ખેડૂતો અગ્રણીઓ અને વડીલો તેમજ વિસ્તરણ અધિકારી ખેતી એમ.બી.મકાણી ગ્રામસેવક પી.એમ.પ્રજાપતિ, બી.જે. ડામોર, આત્મા બી.ટી.એમ. સકીલભાઈ શેખ દ્વારા પ્રાકૃતિક ખેતી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# એ ડિવિઝન ટાઉન પોલીસ સ્ટેશન નજીકથી LCB પોલીસે બે ઈસમોને ચોરીના ત્રણ મોબાઈલ સાથે ઝડપી લીધા

દાહોદ,

દાહોદ એલસીબી પોલીસની ટીમ એ ડિવિઝન ટાઉન પોલીસ મથકના વિસ્તાર ખાતે તારીખ ૨૬મી એપ્રિલના રોજ પેટ્રોલિંગમાં નીકળી હતી. તે દરમિયાન એ ડિવિઝન ટાઉન પોલીસ સ્ટેશન નજીક આવતા બે ઈસમો કોઈ મિલકત સંબંધી ગુનો કરે કરાવે તેવી હરકતો કરતા હોવાથી જે આધારે બંને ઈસમોને કોર્ડન કરી ઝડપી પાડી પ્રથમ ઈસમનું નામ ઠામ પૂછતા તે બાળકિશોર હોવાનું જણાય આવેલ હતું. જેની અંગઝડતી કરતા તેના પેન્ટના ખિસ્સામાંથી એક oppo કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન મળી આવ્યો હતો. તેમજ બીજા ઈસમનું નામ પૂછતા સંજયભાઈ માનસિંગભાઈ બાવરી દેવીપુજક ધંધો રહેવાસી ગોધરા પથ્થર તલાવડી નારી કેન્દ્ર રોડ દશામાં ફાટક ઉપર ગોધરાનો હોવાનું જણાવ્યું હતું જેની અંગઝડતી કરતા તેના પેન્ટના ખિસ્સામાંથી બે મોબાઈલ મળી આવ્યા હતા. જેમાં એક વીવો કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ અને એક જ્ઞાજ્ઞ કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન મળી આવ્યો હતો. જે બંને ઈસમો પાસેથી મળી આવેલા મોબાઈલ ફોન અંગે ખાતરી કરતા ત્રણેય ફોન એ ડિવિઝન ટાઉન પોલીસ મથક ચોરી અંગેના ગુના દાખલ થયેલા હતા. ત્યારે એલસીબી પોલીસે એક બાળ કિશોર તેમજ એક ઈસમ મળી બે આરોપીઓને ચોરીના ૧૬૦૦૦ રૂપિયાના મોબાઈલ સાથે ઝડપી એ ડિવિઝન ટાઉન પોલીસ મથક ખાતે સોંપવામાં આવ્યા હતા. જોકે, આ ત્રણેય ચોરીના મોબાઈલના ગુનાઓ અંડીટેકટ હતા. ત્યારે એલસીબી પોલીસે બાળ કિશોર સહીત એક ઈસમ મળી બે આરોપીઓને ઝડપી અને ત્રણેય મોબાઈલ ચોરીના ગુનાઓ ડિટેકટ કર્યા હતા.

# આપની આજ.......

મેષ : આજના દિવસે તમારે ખૂબ જ મહેનત કરવી પડી શકે છે. જો તમે વેપારી છો તો આજે તમારે બિનજરૂરી વધારે પડતો શ્રમ કરવો પડી શકે છે. જો તમે સરકારી નોકરી કરો છો તો કામ વધારે કરવું પડી શકે છે.

વૃષભ : આજનો દિવસ દોડધામમાં પસાર થશે. ક્યારેક સંતાનો સાથે સંકળાયેલી સમસ્યાઓના સમાધાન માટે મહેનત કરશો તો ક્યારેક મિત્રોના કોઈ કામથી જવાનું થઈ શકે છે.

મિથુન : આજનો દિવસ સુખદ જણાઈ રહ્યો છે. નોકરી અને વ્યવસાય સાથે જોડાયેલી સમસ્યાઓનું સમાધાન થશે અને તમે પ્રગતિ કરી શકશો. આજે તમને મિત્રોનો સાથ મળશે અને એનાથી મનનો ભાર હળવો થશે.

કર્ક : આજનો દિવસ તમારા માટે મોજ મસ્તીવાળો રહેશે અને આજે તમે તમારા પરિવારમાં જ મસ્ત રહેશો. કોઈ પણ વિરોધીની નિંદા તરફ ધ્યાન ન આપીને તમારૂ કામ કરતા રહો. આગળ જતા સફળતા મળશે. તમે તમારા સામાજિક ક્ષેત્રે તાલ મેલ વધારવામાં સફળ રહેશો.

સિંહ : આજનો દિવસ તમારા માટે મિશ્રિત ફળદાયક છે. મોટા અધિકારી સાથે વિવાદ થઈ શકે છે અને તમને નુકસાન થઈ શકે છે. નવા સંબંધો બનવાથી તમારૂ નસીબ ચમકી શકે છે અને સમાજમાં સન્માન મળશે.

કન્યા : આજનો દિવસ મહેનત કરીને પરિણામ મેળવવા માટેનો દિવસ છે. આજે પરિવારના લોકો તમારી મદદ કરશે અને તમારૂ નસીબ તમને સાથ આપશે. પરિવારમાં કોઈ માંગલિક કાર્યોથી ખુશીઓ આવશે.

તુલા : આજે ઓફિસમાં અધિકારીઓ પણ તમારા કામના વખાણ કરવામાં પાછી પાની નહી કરે. જો તમે વેપાર કરો છો તો આજે ગ્રાહકોની ભારે ભીડથી તમારી દુકાન ભરેલી રહેશે.

વૃશ્ચિક : આજે કાર્ય ક્ષેત્રમાં તમારા વરિષ્ઠ અધિકારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં બેદરકારી રાખવાથી આવું થઈ શકે છે. દાંપત્ય જીવનમાં મધુરતા રહેશે અને જીવનસાથીની તરફથી મોરલ સપોર્ટ મળશે.

ધનુ : આજે કોઈ કારણોસર તમે માનસિક રીતે વ્યસ્ત રહેશો. આજનો દિવસ કોઈ પણ પ્રકારની અશાંતિમાં પસાર થશે. ઉચ્ચ અધિકારીઓ સાથે સારો સંબંધ બંધાશે. આજે કોઈ પણ પ્રકારના નિરાશાજન વિચારોથી બચીને રહેજો.

મકર : આજનો દિવસ તમારા માટે ખાસ છે. આજે કોઈ પણ પ્રકારના વિવાદોથી દૂર રહેવાની જરૂર છે. પરિવારના લોકો તમારો સાથ આપશે અને નસીબના કારણે આજે તમને કરિયરમાં પણ શુભ તક મળી શકે છે.

કુંભ : ગણેશજી કહે છે, આજે તમારો દિવસ મિશ્રિત રહેશે અને કોઈ મામલે લાભ તો કોઈ મામલે નુકસાન થઈ શકે છે. આજે ઓફિસમાં તમારા પદ અને અધિકારોમાં વધારો થઈ શકે છે. તો ઘર અને પરિવારમાં આજે કેટલીક એવી મુશ્કેલીઓ આવી શકે છે કે જેનાથી તમારી માનસિક સ્થિતિ બગડી શકે છે.

મીન : આજનો દિવસ ઉત્તમ થવા જઈ રહ્યો છે. આજે તમને ક્યાંક અટવાયેલા રૂપિયા મળવાની આશા દેખાઈ રહી છે. જેનાથી તમારો વિશ્વાસ ધર્મ અને આધ્યાત્મિકતામાં વધશે. રોજિંદા કામકાજમાં બેદરકારી ના રાખશો, નહીં તો લેવાના દેવા પડી શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ રેલવે સ્ટેશન પર અંતિમ ક્ષણોમાં અવારનવાર ટ્રેનોના પ્લેટફોર્મ બદલાતા મુસાફરોને હાલાકી

- ટ્રેનોના આગમન સમયે શોર્ટકર્ટ અપનાવી પાટા ઓળંગતા જોખમ ઉઠાવતા મુસાફરો.
- રેલવેની એન્ટ્રી ગેટથી FOB પર દૂર હોવાથી વૃદ્ધ તેમજ દિવ્યાંગ મુસાફરોની હાલત કફોડી.
- રતલામ ખાતે ઓપરેટીંગ દ્વારા સમય અને ખર્ચ બચાવવા ટ્રેનોના પ્લેટફોર્મ બદલતા હોવાનું સામે આવ્યું.

દાહોદ,

દાહોદ સહીત આસપાસના વિસ્તારના નાના તેમજ મધ્યમ પરીવારો માટે લાઈફ લાઈન ગણાતી મેમો ટ્રેનના અવારનવાર પ્લેટફાર્મ બદલી દેતા એક તરફ મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. તો બીજી તરફ ટ્રેનના પ્લેટફાર્મ બદલાતા અંતિમ ક્ષણોમાં મુસાફરો ટ્રેન પકડવાની લ્હાયમાં મુસાફરો પાટા ઓળંગતા હોય છે. જે જોખમી પણ છે અને ઘણી વખત સુપરફાસ્ટ ટ્રેન પસાર થતી હોય છે. ત્યારે પાટા ઓળગીને જતા મુસાફરો પોતાની મોત નોતરે છે અને બીજી તરફ ગેરકાયદેસર રીતે પાટા ઓળંગતા મુસાફરોને RPF દ્વારા દંડાત્મક કાર્યવાહીનો સામનો કરવો પડે છે. જેના પગલે મુસાફર બન્ને રીતે દંડાય છે. સામાન્ય રીતે પ્લેટફોર્મના એન્ટ્રી ગેટથી ફુટ ઓવર બ્રીજ નજીકમાં બનાવેલું હોય છે. ત્યારે દાહોદમાં એન્ટ્રી ગેટથી ફુટ ઓવર બ્રીજ ખાસ્સો દૂર હોવાથી મુસાફરો શોર્ટકર્ટ આપનાવે છે. જેના પગલે મુસાફર જોખમી અને નુકશાન કારક પણ હોય છે. આ તમામ બાબતોને ધ્યાને લઈ દાહોદના જાગૃત પત્રકારોએ સાંસદ જશવંતસિંહ ભાભોરને આ સમસ્યાથી અવગત કરાવતા તેઓએ તાત્કાલિક ડીઆરએમનો સંપર્ક કરી ઘટતું કરવા જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખની છે કે, આ મામલે રેલવે સ્ટેશન પર ઉપસ્થિત રેલ કર્મચારીઓ તેમજ અધિકારીઓ જોડે વાતચીત કરતા તેઓએ આ મામલે ઓફિસિયલ રતલામ મંડળને સંપર્ક કરવા જણાવ્યું હતું. પરંતુ એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, મેમુ, ડેમો અવંતિકા એક્સપ્રેસ, જમ્મુતાવી સહિતની કેટલીક ટ્રેનોના અંતિમ ક્ષણોમાં પ્લેટફોર્મ બદલવામાં આવે છે. તે વાત સાચી છે પરંતુ તેની પાછળ તેઓએ જે કારણ સમજાવ્યું તે સામાન્ય વ્યક્તિની સમજ બહાર છે. રતલામ મંડળથી સંચાલિત થતા ઓપરેટિંગ સિસ્ટમથી ટ્રેનોની અવરજવર તેમજ કઈ ટ્રેન કયા પ્લેટફોર્મ પર આવશે. તે અંગે ત્યાંથી નક્કી કરવામાં આવે છે. આ મામલો અગાઉ દાહોદના સાંસદ ડી.આર.યુ.સી.સી.ના મેમ્બરો દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. અમે પણ આ મામલે ઘણી વખત રજૂઆત કરી ચૂક્યા છે. પરંતુ રેલવે



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

રતલામ તરફથી આવતી ટ્રેન એક નંબર પર ડાયવર્ટ કરે છે. તો તેના સંચાલનમાં બે થી ત્રણ મિનિટનો વેરિએશન આવે છે. જ્યારે બે નંબર પર આ ટ્રેનો જાય છે તો તેમનો સમય અને ખર્ચ બેઉ બચે છે. આ નિયમ પ્રમાણે રતલામ તરફથી આવતી તમામ ટ્રેનો એક નંબર પર આવી જોઈએ પરંતુ ઉપરોક્ત કારણોના લીધે ઘણી વખત ટ્રેનોના સંચાલનમાં તેમાં ટ્રેનો લેટ હોવાથી રતલામ ખાતે સંચાલિત ઓપરેટિંગ સિસ્ટમ દ્વારા ટ્રેનોના સંચાલન તેમજ પ્લેટફોર્મ બદલવાનું નક્કી કરવામાં આવે છે. અધિકારીના જણાવ્યા અનુસાર જો સાંસદની રજૂઆત ધારદાર હોય તો સિનિયર ડી.આર.એમના એક લેટર પર માત્ર ૧૦ મિનિટમાં એનોના પ્લેટફોર્મ બદલવાની સમસ્યાનો કાયમી નિકાલ આવી જાય તેમ છે. ટ્રેનોના બદલાતા પ્લેટફોર્મમાં ઘણી વખત મુસાફરો શોર્ટકટ અપનાવી પાટા ઓળંગે છે, જે જોખમી છે. જોકે પશ્ચિમ રેલવે મિશન ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ ટ્રેનો દોડાવવાની યોજના પર કામ કરી રહ્યું છે. સાથે સાથે અમૃત ભારત સ્ટેશન અંતર્ગત દાહોદ સ્ટેશનની કાયાપલટ થવાની છે. એક સારી બાબત છે પરંતુ આજે પણ દાહોદ સ્ટેશન પર ઘણી ખરી સમસ્યાઓ મુસાફરોને હેરાન કરી મૂકે છે. જેમાં એન્ટ્રીગેટથી પ્લેટફોર્મ નંબર એકથી બે અને ત્રણ પર જવા માટેનો FOB નિયમ પ્રમાણે એન્ટ્રીએટથી નજીક હોવો જોઈએ પરંતુ દાહોદમાં એન્ટ્રી ગેટથી FOB ૨૦૦ થી ૩૦૦ મીટર દૂર છે. સાથે સાથે અન્ય પ્લેટફોર્મ પર જવા માટે રેમ્પ કે લિફ્ટની સુવિધા પણ પ્લેટફોર્મ પર ઉપસ્થિત નથી. આમ, તો દાહોદ રેલવે સ્ટેશન NGT ૪ ની શ્રેણીમાં આવે છે. પરંતુ ઘણી ખરી સમસ્યાઓ દાહોદ સ્ટેશન પર ઉદભવવા પામી છે. તાજેતરમાં રેલવે તંત્ર દ્વારા પ્લેટફોર્મ નંબર ૧ ૨ ૩ અને નવીન બનનારા પ્લેટફોર્મ નંબર ૪ ને જોડતા લિફ્ટની સુવિધા સાથે ફૂટઓવર બ્રિજનું રેલ રાજ્યમંત્રી દ્વારા દાહોદના સાંસદ જશવંતસિંગ ભાભોરની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.પરંતુ આ લિફ્ટની સુવિધા સાથેનું નવીન ફૂટ ઓવર બ્રિજ જુના FOB કરતા ખાસ્સુ દૂર છે. એન્ટ્રી ગેટથી નવીન FOB તો અંદાજે ૫૦૦ થી ૬૦૦ મીટર દૂર બનાવવામાં આવી રહ્યું છે. જેના પગલે આવનારા સમયમાં દિવ્યાંગ,વૃદ્ધ તેમજ શારીરિક રીતે અસક્ષમ મુસાફરોને ૫૦૦ થી ૬૦૦ મીટર દૂર સુધી સુવિધા વડે એક પ્લેટફોર્મથી બીજા પ્લેટફોર્મ પર જવું પડશે અને જો તેનો કમ્પાર્ટમેન્ટ આગળના છેડે હશે તો તે મુસાફરને આટલુંને આટલું ફરી ચાલવું પડશે. આ તમામ બાબતોને રેલવે દ્વારા ધ્યાનમાં રાખવામાં આવ્યું નથી. વર્તમાનની જેમ ભવિષ્યમાં પણ દિવ્યાંગ અને શારીરિક રીતે અસક્ષમ મુસાફરોને હાલાકી ભોગવવાનું જ બાકી રહી જશે. અધુરામાં પૂરૂં દાહોદ રેલવે સ્ટેશન પર માત્ર ચાર ફૂલી ઉપસ્થિત છે. જેમાં બે દિવસમાં અને બે રાતમાં પ્લેટફોર્મ પર હાજર રહે છે. ત્યારે રેલ સંબંધી બાબતોમાં દાહોદના સાંસદ જશવંતસિંગ ભાભોર દ્વારા મુસાફરોને સુવિધાઓ પૂરી પાડવા માટે બંધ પડેલી ટ્રેનો ચાલુ કરાવવા માટે તેમજ અત્રેથી પસાર થતી મહત્વપૂર્ણ ટ્રેનોના સ્ટોપેજ માટે અવારનવાર લેખિતમાં તેમજ મૌખિકમાં રજૂઆત કરવા છતાં રેલ્વે એક રેલ મંત્રી રેલ રાજ્યમંત્રી તથા રેલવે તંત્ર દાહોદ માટે કુણું વલણ અપનાવતા હોય તેમ લાગી રહ્યું છે. સાંસદોની રજૂઆતોને દર કિનાર કરી રેલવે તંત્ર મહત્વપૂર્ણ ટ્રેનોના સ્ટોપેજ હોય, ટ્રેનોના પ્લેટફોર્મ બદલવાનો મામલો હોય અથવા મુસાફરોની સુવિધા ને લગતા પ્રશ્નો હોય તે તમામ બાબતોને લઈ રેલ્વે દ્વારા દાહોદને અછૂતો કરી દેવામાં હોય તેવું લાગી રહ્યું છે. આજે પણ રેલ્વે દ્વારા સીઝનેબલ તેમજ નવીન સ્પેશિયલ ટ્રેનોના સ્ટોપેજના મામલે ઠેંગો દેખાડતું હોય તેમ લાગી રહ્યું છે. હવે તો વડાપ્રધાન મોદી કે જેવો દાહોદ માટે અમિત દ્રષ્ટિ ધરાવે છે, તેમજ દાહોદ તેમના દિલમાં વસેલું છે. તે લાગણી અને દાહોદ વાસીઓની માંગણી તેમજ દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરની રજૂઆતોને ધ્યાનમાં લઈ હસ્તક્ષેપ કરે અને રેલવે સંબંધી તમામ બાબતોમાં દાહોદને પ્રાથમિકતા મળે તે અંગે ઘટતું કરે તેવી લાગણી તેમજ માંગણી દાહોદ શહેર સહીત જિલ્લાવાસીઓમાં ઉઠવા પામી છે.

# દાહોદ નગરપાલિકા દ્વારા ગોધરા રોડથી બિરસા મુંડા ચોક સુધી સ્માર્ટ રોડમાં અવરોધરૂપ આવતા દબાણ કર્તાઓને નોટિસો ફટકારી

દાહોદ,

દાહોદમાં સ્માર્ટ સિટી અંતર્ગત સ્માર્ટ રોડ બનાવવાની કામગીરીનો પ્રારંભ થઈ ચૂક્યો છે. જે અંતર્ગત આ સ્માર્ટ રોડમાં અવરોધ રૂપ આવતા દબાણોને દૂર કરવા માટે દાહોદ નગરપાલિકાએ કેટલાક વેપારીઓને નોટીસો ફટકારી તેમના દ્વારા કરેલ દબાણ ચાર દિવસની અંદર દૂર કરવા માટે જણાવવામાં આવ્યું છે એને તેને લઈને વેપારીઓ એક તરેહનો ફફડાટ તેમજ અસમંજસ્તા અનુભવી રહ્યા છે.

દાહોદ શહેરમાં સ્માર્ટ સિટી અંતર્ગત ૧૦ જેટલા વિવિધ વિસ્તારોમાં સ્માર્ટ રોડ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ૫૪.૭ કરોડના ખર્ચે આ વિવિધ ૧૦ સ્માર્ટ રોડ બનાવવા માટેનું ખાતમુહૂર્ત પણ કરી દેવામાં આવ્યું છે અને ત્યારબાદ ભરપોડા સરસ્વતી સર્કલથી બાબા આંબેડકર ચોક સુધી સ્માર્ટ રોડ બનાવવાની કામગીરીનો પ્રારંભ પણ કરી દેવામાં આવ્યો છે અને ત્યારબાદ ગોધરા રોડથી બિરસા મુંડા સર્કલ સુધી સ્માર્ટ રોડ બનાવવાની કામગીરી અંતર્ગત આ સ્માર્ટ રોડમાં અવરોધરૂપ દબાણો દૂર કરવા દાહોદ નગરપાલિકાએ વેપારીઓને નોટિસ ફટકારી છે, તો બીજી તરફ શહેરના ગોદીરોડ વિસ્તારમાં પણ દબાણ કરતા વેપારીઓને દાહોદ નગરપાલિકાએ નોટિસ ફટકારી છે. આ નોટિસમાં જણાવ્યા અનુસાર પાલિકા દ્વારા નોટિસ આપ્યાના ચાર દિવસની અંદર રસ્તામાં અવરોધરૂપ દબાણો સ્વૈચ્છિક રીતે દૂર કરવા જણાવાયું છે. જો આ ચાર દિવસમાં દબાણો દૂર કરવામાં નહીં આવે તો નગરપાલિકા દ્વારા આ દબાણો દૂર કરવામાં આવશે તેમ જણાવ્યું છે. પાલિકા દ્વારા આપવામાં આવેલી નોટિસોમાં કયા દુકાનદાર દ્વારા કેટલું દબાણ કરવામાં આવ્યું છે અને દુકાનદારને કેટલું દબાણ ખુલ્લું કરવાનું છે. એ અંગે કોઈ પણ સ્પષ્ટતા કરવામાં આવી નથી નગરપાલિકાના જણાવ્યા અનુસાર માર્કિંગ કરેલી જગ્યા દબાણમાં હોવાનું સામે આવ્યું છે. જે દૂર કરવા માટે નોટીસો તો ફટકારવામાં આવી છે, પરંતુ અંજુમન દવાખાનાની સામેની લાઈન વાળા મિલકતદારોને નોટિસો તો મળી છે, પરંતુ કેટલું દબાણ છે અને કઈ જગ્યા ઉપર માર્કિંગ કરવામાં આવ્યું છે તે પણ દેખાતું નથી. અધુરામાં પૂરૂં પ્રાઈવેટ મિલકત ધારકને પણ પાલિકા દ્વારા નોટિસ પાઠવવામાં આવી છે અને જણાવાયું છે કે તમારી મિલકત અંગેના આધાર પુરાવા નગર પાલિકામાં રજૂ કરો જો તમારી જમીનમાં કોઈ દબાણ નહીં હશે અને પોતાની માલિકીની હશે તો કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે નહીં તેમ મિલકતદારોને કહેવામાં આવ્યું છે. ત્યારે પાલિકા દ્વારા ફટકારવામાં આવેલી નોટિસોને લઈને દુકાનદારોમાં તેમજ મિલકતદારોમાં એક પ્રકારના ફફડાટની સાથે નોટીસોને લઈ અસમંજસતા પેદા થવા પામી છે. ત્યારે આ મામલે પાલિકા તંત્ર શું કરે છે અને મિલકતદારો કયા આધાર પુરાવા રજૂ કરે છે તે જોવું રહ્યું.

# દાહોદ કલેક્ટર ડો.હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં સ્વાગત સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજે જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા, નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં આજે ૧૯ જેટલા અરજદારોના પ્રશ્નોનો સકારાત્મક ઉકેલ લાવવામાં આવ્યો હતો.

જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં સનદ કાયદેસરની કરવા, રેવન્યુ રેકર્ડ નામો દાખલ કરવા, જમીનનો મૂળ રેકર્ડ નકશો કરવા બાબત, માપણી શીટની નકલ માટે, રી સર્વે રેકર્ડમાં પ્રમોલગેશન બાદ ભુલ સુધારવા બાબત, જમીનના નકશા સુધારવા બાબત, પાકા રસ્તા બાબત, નવો રસ્તો મંજૂર કરવા બાબત જેવા પ્રશ્નોની રજૂઆત અરજદારોએ કલેક્ટર સમક્ષ કરી હતી.

કલેક્ટરએ આ પ્રશ્ન સંબધે ઉપસ્થિત અધિકારીઓને જરૂરી સુચના આપી હતી અને અરજદારોના પ્રશ્નોનો સકારાત્મક ઉકેલ આપ્યો હતો. ઘણાં અરજદારોના પ્રશ્ન લાંબા સમયથી પેન્ડિંગ હોય તેનો પણ આજે સકારાત્મક નિકાલ આવતા તેઓ ખુશ થઈ ગયા હતા અને સ્વાગત કાર્યક્રમના આયોજન બદલ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

દૂર છેવાડાના ગામડામાં રહેતો અદનો નાગરિક પોતાની સમસ્યા કોને, ક્યાં કહે તો તેના પ્રશ્નનું નિરાકરણ આવશે એવી મુઝવણ હંમેશા અનુભવતો હોય છે. ન્યાય માટે ઝંખના કરતા નાગરિકના પ્રશ્નોનું નિરાકરણ લાવવા ગુજરાતના તત્કાલિન દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩ માં નાગરિકોના પ્રશ્નોના સીધા ઉકેલ માટે SWAGAT (State Wide Attention on Grievances by Application of Technology) કાર્યક્રમની શરૂઆત કરી હતી. સ્વાગત કાર્યક્રમ છેલ્લા બે દાયકાથી અવિરત નાગરિકોની સમસ્યાના ઉકેલનું સરનામુ બન્યો છે. ત્યારે જિલ્લામાં સ્વાગત કાર્યક્રમની ઉજવણી અંતર્ગત મોટી સંખ્યામાં અરજદારોના પ્રશ્નોનો સકારાત્મક ઉકેલ લાવવામાં આવ્યો હતો.

## રાજ્ય કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં વિડિયો કોનફરન્સના માધ્યમથી જીલ્લા સેવા સદન દાહોદથી અધિકારીઓ જોડાયા

દાહોદ,

રાજ્યમાં સ્વાગત સપ્તાહ કાર્યક્રમની ૨૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે આજે રાજ્ય કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા તેમજ અરજદારો સાથે સંવાદ સાધ્યો હતો અને પ્રાસગિક સંબોધન કર્યું હતું. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષતામાં આજના રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં દાહોદ જિલ્લા સેવા સદન ખાતેથી કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, જીલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા, નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર, પ્રાયોજના વહીવદાર સ્મિત લોઢા સહિતના અધિકારીઓ અહીંથી વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.

## દાહોદ જીલ્લાના કુલ ૧૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને કુલ ૯૫ તબીબી સાધનો પૂરા પાડવામાં આવ્યા




દાહોદ,

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ પાઈપલાઈન ડિવિઝન કોયલી અને દાહોદ જિલ્લાના જીલ્લા સમાહર્તા ડો. હર્ષિત ગોસાવી અને જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ તથા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. શિલ્પા યાદવના માર્ગદર્શન મુજબ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ પાઈપલાઈન ડિવિઝન નાં સી.એસ.આર. ફંડ માંથી દાહોદ જીલ્લાના દાહોદ તાલુકાના રેટીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જીલ્લાના કુલ ૧૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને કુલ ૯૫ તબીબી સાધનો પૂરા પાડવામાં આવ્યા હતા. જેમાં ૧૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે એક રેડીયન્ટ વોર્મર, એકે કાંગારૂ મધર ચેર, એક ડિજિટલ હિમોગ્લોબીન મીટર, એક સેનેટરી પેડ ઈન્સીનેટર, એક મરક્યૂરી સફીગ્મોમેનોમીટર સ્ટેન્ડ મોડલ આપવામાં આવ્યાં હતાં.

આ કાર્યક્રમ પ્રસંગે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ પાઈપલાઈન ડિવિઝનના ડી.જી.એમ. એ.કે.ગોથમેન અને કંપનીના સી.એચ.આર.એમ સુનીલ કોલહટકર અને જીલ્લા આર.સી.એચ.ઓ. ડો. ઉદય ટીલાવત અને એપેડેમીક મેડિકલ ઓફિસર ડો. નયન જોષી તથા તાલુકા હેલ્થ ઓફિસર ડો. ભગીરથ બામણિયા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના તબીબો અને આરોગ્ય સ્ટાફ હાજર રહેલ હતો. જીલ્લા વહીવટી તંત્ર તરફથી ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ પાઈપલાઈન ડિવિઝનનો જીલ્લા આર.સી.એચ.ઓ. ડો. ઉદય ટીલાવત દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## દાહોદ શહેરના સ્ટેશન રોડ પાલિકા ચોક જેવા વિસ્તારોમાં ગંદકી ફેલાવતા ઈસમો CCTV કેમેરામાં કેદ થયા પાલિકા દંડનીય કાર્યવાહી કરશે




દાહોદ,

દાહોદ શહેરને સ્માર્ટસીટીનો દરજ્જો પ્રાપ્ત થયો છે. ત્યારે દાહોદને હવે સ્માર્ટ બનાવી રાખવા તેમજ સ્વચ્છતા જાળવી રાખવા માટે પાલિકા દ્વારા સાફ સફાઈનું કામ ખાનગી શ્રમીકો પાસે પણ કરાવવામાં આવી રહ્યું છે. ત્યારે હવે દાહોદને સ્વચ્છ અને સુંદર બનાવી રાખવા માટે પાલિકા દ્વારા તેમજ સ્માર્ટ સીટી અંતર્ગત લગાવેલા સીસીટીવી કેમેરા દ્વારા શહેરની સાફ સફાઈની નિગરાની રાખવામાં આવી રહી છે. ત્યારે સ્ટેશન રોડ કસ્બા પાલિકા ચોક પડાવ ચોક જેવા વિસ્તારોમાં રોડ ઉપર ગંદકી ફેલાવતા લોકો હવે સ્માર્ટ સીટીના સીસીટીવી કેમેરામાં કેદ થવા પામ્યા છે. ત્યારે સીસીટીવીના આધારે પાલિકા દ્વારા શહેરમાં ગંદકી ફેલાવતા લોકોને ઓળખી તેમની પાસેથી દંડ વસુલ કરાશે. જેથી શહેરમાં સ્વછતા જળવાઈ રહે તેમજ નાગરિકો રસ્તા તેમજ શહેરી મોહલ્લાઓમાં ગંદકી કરતા બંધ થાય.

## દેવગઢ બારિયા વન વિભાગ દ્વારા સાગટાળા રેન્જમાં ઓર્ગેનિક ફાર્મિંગ કાર્ય શાળા અંતર્ગત તાલીમ શિબિર યોજાઈ




દાહોદ,

દેવગઢ બારીયા તાલુકાના સાગટાલા રેન્જમાં બારીયા વન વિભાગ દ્વારા ભારત સરકારના પર્યાવરણ વન અને જળવાયું પરિવર્તન મંત્રાલય એન્વાયરમેન્ટ એજયુકેશન પ્રોગ્રામ (EEP) કાર્યક્રમ અંતર્ગત એક દિવસીય ઓર્ગેનિક ફાર્મિંગ અંગેની કાર્યશાળા તાલીમ શિબિર યોજાઈ હતી. જેમાં ૧૭૦ થી વધુ લાભાર્થીઓએ ભાગ લીધો હતો. આ તાલીમ શાળામાં વખ્યાતા તરીકે ડોક્ટર કે.એચ.પટેલ કૃષિ મકાઈ સંશોધન કેન્દ્ર ગોધરા હાજર રહ્યા હતા. તેઓએ આ તાલીમ શિબિરમાં મકાઈની વિવિધ જાતો બાબતે અદ્યતન ટેકનોલોજીથી ખેતી કરવા માટે ગામ લોકોને સમજણ આપી હતી. તેમજ હિંગોળગઢ થી આવેલા પ્રકૃતિ પ્રેમી તથા વન્ય પ્રાણીના નિષ્ણાત રાજુભાઈ તથા તેમની ટીમ દ્વારા વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનોને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું દેવગઢબારિયા વન વિભાગના નાયક વન સરક્ષણ આર એમ પરમારના વરદ્દહસ્તે ગીર ફાઉન્ડેશન એજ્યુકેશન એન્ડ સર્ચની વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ પાણીના બોટલો ડાયરી બોલપેન જેવી શૈક્ષણિક સામગ્રી વિતરણ કરવામાં આવી હતી. સાથે સાથે શાળામાં ઉચ્ચતર તેમજ માદયમિક શાળા સાગટાળા તેમજ વાલ્મિકી આશ્રમ શાળાના ૧૧૦ વિદ્યાર્થીઓ ના શિક્ષક સ્ટાફગણ ૧૦ જેટલા તેમજ સાગટાલા રેંજના ૫૦ જેટલા તાલીમાર્થીઓએ મળી કુલ ૧૭૦ જેટલા તાલીમાર્થીઓએ આ શિબિરમાં ભાગ લીધો હતો અને તાલીમ મેળવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સાગટાના રેન્જ બારીયા વન વિભાગ દ્વારા સાતત્યપૂર્ણ જીવનશૈલી અપનાવવાના ભાગરૂપે ગ્રીનિંગ ટેકનીક ઓર્ગેનિક ફાર્મિંગ તેમજ સ્થાનિક જૈવિક વિવિધતા અંગે સમજણ કેળવી તેમના સંરક્ષણ અને સંવર્ધનના મહત્વને સજાવા જેવી બાબતોને સાંકળી લઈ આ તાલીમ શાળામાં એન્વાયરમેન્ટ એજયુકેશન પ્રોગ્રામ અંતર્ગત તાલીમ શાળા યોજવામાં આવી હતી.

## દાહોદ કાચા કામના કેદીઓ માટે હેલ્થ કેમ્પનું આયોજન કરાયું

દાહોદ,

ગુજરાત સ્ટેટ એડ્સ કંટ્રોલ સોસાયટી અને નેશનલ વાયરલ હિપેટાઈટીસ કંટ્રોલ પ્રોગ્રામની સૂચના મુજબ દાહોદ જિલ્લાના DTHO ડો. આર.ડી.પહાડીયા અને CDMO ડો. નરેન્દ્ર હાડા સરની મંજૂરી અને માર્ગદર્શન મુજબ તા. ૨૭.૪.૨૦૨૩ નારોજ સબ જેલ દાહોદ ખાતે કાચા કામના કેદીઓ માટે હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જે હેલ્થ કેમ્પમાં મેડિકલ ઓફિસર, ફાર્માસીસ્ટ, કાઉન્સેલર, લેબટેકનીશીયન, એસ.ટી.એસ, એસ.ટી.એલ.એસ તેમજ ડિસ્ટ્રીક્ટ પ્રોગ્રામ આસિસ્ટન્ટ હાજર રહેલ હતા. આ હેલ્થ કેમ્પની અંદર ૧૨૭ કેદીઓની તપાસ કરવામાં આવી.

## દાહોદમાં તા. ૩૦મીએ માજી સૈનિકોનું ભવ્ય સંમેલન યોજાશે

દાહોદ,

દાહોદ શહેરમાં ૩૦ મી તારીખ ના રોજ માજી સૈનિકોના ભવ્ય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. દાહોદ પંચમહાલ અને મહીસાગર જિલ્લાના સંમેલનની તળાવમાં તૈયારીઓ ચાલી રહી છે. આ સંમેલનમાં કલેકટર, એસપી, સ્ટેશન કમાન્ડર, ગુજરાત રાજ્ય પ્રમુખ જીતેન્દ્ર નિમાવત, ઝાયડસ સીઈઓ, જિલ્લા મેડિકલ ઓફિસર હાજર રહેનાર છે. સંમેલનમાં કલેકટર દ્વારા વીર નારીઓને જમીન ફાળવણી કરીને સનદ આપવામાં આવશે. આ સંમેલનમાં માજી સૈનિકો અને વીરનારઓના વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે. વડોદરા આર્મી સ્ટેશન હેડ ક્વાર્ટરથી ૧૦ આર્મી અધિકારી, ૭૦ જેસીઓ અને જવાનો હાજર રહેનાર છે. આ અવશરે માજી સૈનિકોના મેડિકલ કેમ્પના આયોજન સાથે તેમની સુવિધા માટે વિવિધ કાઉન્ટરો પણ ઊભા કરવામાં આવશે. આ સંમેલનની જવાબદારી દાહોદ જિલ્લા માજી સૈનિક સંગઠનને સોંપવામાં આવી છે. ત્યારે દાહોદ પ્રમુખ શંકરભાઈ મોહનિયા સહિતની તમામ ટીમ વિવિધ જોવા મળી રહી છે.

## કચ્છમાં ક્યાંક ધીમી ધારે તો કેટલાક વિસ્તારમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો

અમદાવાદ,

હવામાન વિભાગની આગાહી અનુસાર ગુજરાતના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો છે. જ્યારે કચ્છમાં પણ કેટલાક વિસ્તારોમાં પવન સાથે વરસાદ પડ્યો છે. તો અનેક વિસ્તારોમાં ધીમી ધારે વરસાદ વરસ્યો છે.કચ્છના પણ અનેક સ્થાનોએ ગાજવીજ સાથે તો ક્યાંક ધીમી ધારે વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર અંજારના ગામડાઓમાં વરસાદી માહોલ જામ્યો હતો. અંજારના મથડા,ચાંદ્રોડા વિસ્તારમાં ઝરમર વરસાદ વરસ્યો હતો. તો બીજી બાજુ ભુજના સુમરાસર,ઢોરી સહિતના ગામમા પણ ભારે પવન સાથે વરસાદ ખાબક્યો હતો. તો બીજી તરફ મહેસાણામાં વાતાવરણમાં આવેલા પલટા બાદ ભારે પવન ફૂંકાયો હતો. તેમજ કમોસમી વરસાદ પડ્યો હતો. વરસાદને પગલે ઈંઝામાં ખુલ્લામાં રાખવામાં આવેલા એરંડા અને ઘઉં પલળી ગયા હતા. હવામાન વિભાગની આગાહીને પગલે યાર્ડમાં માલ સુરક્ષિત રીતે ઢાંકી દેવામાં આવ્યો હતો, પરંતુ જે વેપારીઓનો માલ ખુલ્લો હતો તેમને સામાન્ય નુકસાન થયું હોવાની વિગતો સામે આવી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.210

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## કાલોલના ભાદરોલી ખુર્દ ગામે પ્રેમીકાને મળવા ગયેલ

# ધનેશ્વર ગામમાં વ્યકિતને પ્રેમીકા અને પતિએ મારામારી હત્યા કરતાં ચકચાર

કાલોલ,

કાલોલ તાલુકાના ભાદરોલી ખુર્દ ગામે ઘોઘંબાના ધનેશ્વર ગામે રહેતા મરણનજનાર તેની પ્રેમિકાને મળવા માટે ગયેલ હોય ત્યારે પરણિત પ્રેમીકાના ઘરવાળાએ મારમારી તેમજ લોખંડ વાંસીની પાઇપ વડે ગંભીર ઈજાઓ પહોંચાડી મૃતકને સારવાર નહિ મળતાં મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના ધનેશ્વર ગામે રહેતા ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમારના કૈલાશબેન સાથે આડા સંબંધો હોય કૈલાશબેનના લગ્ન કાલોલના ભાદરોલી ખુર્દ ગામે રહેતા ગણપતભાઈ ઉર્ફે કાળુભાઈ પ્રતાપસિંહ ચૌહાણ સાથે થયેલ હોય ગજેન્દ્રસિંહ જે તેની પ્રેમિકા કૈલાશને મળવા માટે અવારનવાર ભાદરોલી ખુર્દ ગામે આવતો હોય જેને લઈ ગણપતભાઈ એ ગજેન્દ્રને આડા સંબંધો નહિ રાખવા અવારવનાર સમજાવે હોય તેમ છતાં ૨૬ એપ્રિલના રોજ રાત્રીના સમયે ગજેન્દ્રસિંહ ભાદરોલી ખુર્દ ગામે પ્રેમીકા કૈલાશબેનને મળવા ગયેલ હોય ત્યારે કૈલાશબેનના પતિ ગણપત ઉર્ફે કાળુભાઈ એ હાથમાં પાવડાનો હાથો લઈ ઝગડો કરી ગજેન્દ્રસિંહને મારમારતાં પાડવાનો હાથે તુટી ગયેલ હતો. ત્યારે પતિનું ઉપરાણું લઈને પ્રેમીકા કૈલાશબેન પણ લોખંડની પાઈપવાળી વાંસી લઈ ગજેન્દ્રને મારવા આવતાં ગજેન્દ્ર ફળીયામાં ભાગવા લાગ્યો હતો. ત્યારે ગણપતભાઈ અને કૈલાશબેનએ ગજેન્દ્રની પાછળ દોડીને પકડી પાડીને મારમારતાં ગજેન્દ્રને માથા અને મોઢાના ભાગે તેમજ પગના ભાગે ગંભીર ઈજાઓ થતાં ભાગી શકયા ન હોય ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલ ગજેન્દ્રને દવા સારવાર નહિ મળતાં સ્થળ ઉપર મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે ગ્રામજનો દ્વારા જાણ કરતાં આ બાબતે મૃતકના ભાઈ દ્વારા વેજલપુર પોલીસ મથકે આરોપીઓ ગણપત ઉર્ફે કાળુ ચૌહાણ અને કૈલાશબેન ગણપતભાઈ ચૌહાણ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યાનો ગુન્હો નોધી આરોપીઓને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.


તસ્વીર : નુર બાલા, વેજલપુર


તસ્વીર : જયદીપ ઠાકર, વેજલપુર

## ગોધરા નજીકથી પસાર થઈ રહેલી પાનમ હાઈ લેવલ કેનાલ પાંડવા ફળિયાના રહીશો માટે જોખમી





ગોધરા,

ગોધરા નજીકથી પસાર થઈ રહેલી પાનમ હાઈ લેવલ કેનાલ પાંડવા ફળિયાના રહીશો માટે હાલ જોખમી બની છે. અંદાજિત ૪૦ ફુટ ઊંડી કેનાલની બાજુમાં અડીને રહેણાંક મકાનો આવેલા હોવા છતાં કોઈપણ પ્રકારની આડશ આજદિન સુધી ઉભી કરવામાં આવી નથી.જેથી અહીં વસવાટ કરતા રહીશોના પશુઓ અને બાળકો ખુલ્લી કેનાલમાં ખાબકવાની અનેકવાર ઘટનાઓ પણ બની ચૂકી છે. ત્યારે કોઈ જીવલેણ અકસ્માત થાય એ પૂર્વે કેનાલને ફરતે આડસ ઊભી કરવામાં આવે એવી સ્થાનિકોમાં માંગ ઉઠી છે.

ગોધરા તાલુકાના ભામૈયા પશ્ચિમના પાંડવા ફળિયામાં તમામ શ્રમજીવી પરિવારો વસવાટ કરે છે. આ ફળિયાના રહેણાંક વિસ્તારમાંથી પાનમ હાઈ લેવલ કેનાલ પસાર થઈ રહી છે, જેની ઊંડાઈ અંદાજિત ૪૦ ફટ જેટલી છે અને કેનાલના બંને છેડા ઉપર કોઈપણ પ્રકારની આડસ બનાવવામાં આવી નથી. જેથી અહીંના રહીશો સતત અકસ્માતની દહેશત વચ્ચે જીવી રહ્યા છે. વધુમાં અહીંના તમામ રહીશો પેટીયું રળવા માટે સવારે ગોધરા શહેર વિસ્તારમાં જતા હોય છે અને મોડી સાંજે ઘરે પરત ફરતા હોય છે. દરમિયાન તેઓના નાના નાના બાળકો અહીંયા એકલા જ રહેતા અને રમતા હોય છે. જેથી તેઓને બાળકો કેનાલમાં પડી જવા ની સતત ચિંતા સતાવી રહી છે. આ ચિંતા ના કારણે શ્રમજીવી પરિવાર ની મહિલાઓ કોઈપણ કામકાજ માટે પોતાના બાળકોને મૂકીને જવાનું ટાળી રહી છે, સાથે જ જ્યારે પરિવારના પુરૂષ અને મહિલાઓને સાથે બહારગામ કામ અર્થે જવાની સ્થિતિ ઊભી થતી હોય છે દરમિયાન અહીં અભ્યાસ કરતી મોટી વિદ્યાર્થીનીઓ અને વિદ્યાર્થીઓને નાના બાળકોની સાચવણી માટે પરિવારજનો ઘરે મૂકીને જતા તેઓના અભ્યાસને પણ અસર પહોંચી રહી છે. જેથી આ કેનાલના કિનારા ઉપર રેલીંગ અથવા દિવાલ ઊભી કરી આળસ બનાવવામાં આવે એવી માંગ સ્થાનિકોમાં ઉઠવા પામી છે.

પાંડવા ફળિયા માંથી પસાર થતી પાનમ હાઈ લેવલ કેનાલના બંને છેડા ઉપર આળસ ઊભી કરવા માટે સરકારમાં વિભાગ દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. જેની મંજૂરી મળી જતા રહેલી તકે અહીં રેલિંગ ઊભી કરવામાં આવશે એમ પાનમ વિભાગ ના અધિકારી જણાવી રહ્યા છે. વધુમાં પાનમ હાઈ લેવલ કેનાલ ઉપર અન્ય રહેણાંક વિસ્તારમાં પણ આડા સુધી કરવાની રજૂઆત મળી છે, જેની પણ હાલ કામગીરી પ્રગતિમાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

## લોકાભિમુખ વહીવટના ૨૦ વર્ષ, સ્વાગત સપ્તાહની ઉજવણી, પંચમહાલ જિલ્લો : જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો



ગોધરા,

મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ અંતર્ગત ઓનલાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમ સ્વાગતની શરૂઆત તા.૨૪મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરાઈ હતી. આ કાર્યક્રમને ૨૦ વર્ષ પુર્ણ થવાના અવસરે રાજ્યભરમાં પ્રજાના પ્રશ્નોના નિકાલ માટે કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. પંચમહાલ જિલ્લામાં સ્વાગત સપ્તાહની ઉજવણી કરાઈ છે.ગ્રામ્ય સ્તરથી જિલ્લાકક્ષા સુધીના સ્વાગત કાર્યક્રમ અંતર્ગત જનતાના પ્રશ્નોના નિવારણ માટે જિલ્લા વહિવટીતંત્ર પ્રતિબદ્ધ છે.સ્વાગત સપ્તાહની જનજાગૃતિ ઉજવણી અંતર્ગત ગ્રામ્યકક્ષાઅનેતાલુકાકક્ષા બાદ આજરોજ પંચમહાલ જિલ્લાના મુખ્યમથક ગોધરા કલેક્ટર કચેરી સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર આશિષકુમારની અધ્યક્ષતામાં જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો.

જિલ્લા સ્વાગત કાર્યક્રમ પૂર્ણ થયે રાજ્ય સ્વાગત કાર્યક્રમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.જેમાં વર્ચૂઅલી માધ્યમથી દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સાથે તમામ જિલ્લા અને તાલુકાઓ પણ જોડાયા હતા અને લાભાર્થીઓ સાથે સંવાદ પણ સાધવામાં આવ્યો હતો.

આ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં જિલ્લા માંથી કુલ ૧૩ અરજાદારો દ્વારા વિવિધ પ્રશ્નો બાબતે રજુઆત કરાઈ હતી અને તમામ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. ગઈકાલે પણ જિલ્લા કલેકટર આશિષ કુમારના માર્ગદર્શન અને રાહબરી હેઠળ જિલ્લાના તમામ સાતેય તાલુકા ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો, જેમાંવિવિધ ૬૧૪ અરજીઓના હકારાત્મક નિકાલ માટે પ્રયાસ હાથ ધરાયા હતા.

આ પ્રસંગે નિવાસી અધિક જિલ્લા કલેક્ટર એમ.ડી. ચુડાસમા, જિલ્લા વિકાસ અધિકારી ડી.કે. બારિઆ, ગોધરાપ્રાંત અધિકારી પ્રવિણસિંહ જેતાવત, નાયબ માહિતી નિયામક પારૂલ મણિયાર, સર્વ મામલતદારઓ સહિત સબંધિત વિભાગના અધિકારીઓ અને અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

## હાલોલના કંજરી નજીક ખેતરમાંથી અજાણ્યા વ્યકિતના હાથ બંધાયેલ હાલતમાં ડીકમ્પોઝ મૃતદેહ મળ્યો



હાલોલ,

હાલોલના કંજરી નજીક આવેલ ખેતર માંથી અજાણ્યા ૪૦ વર્ષીય વ્યકિતનો હાથ બંધાયેલ હાલતમાં મૃતદેહ મળી આવ્યો. મૃતદેહ ડીકમ્પોઝ હાલતમાં હોવાથી મૃતકની ઓળખ માટે પોલીસ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલના કંજરી ગામ નજીક દિવેલાના ખેતરમાં કેટલાય દિવસની પડેલ ૪૦ વર્ષીય અજાણ્યા વ્યકિતનો મૃતદેહ મળી આવ્યો. ખેતરમાં મૃતદેહ કેટલાય દિવસથી પડેલ હોવાથી ડીકમ્પોઝ હાલતમાં હોય મૃતદેહ માંથી દુર્ગંધ આવતાં પોલીસને જાણ કરતાં પોલસી ઘટના સ્થળે દોડી આવી હતી. મૃતકની ઓળખ છતી થવા પામી ન હતી. મૃતકના હાથ બાંધેલી હાલતમાં મૃતદેહ મળતાં હત્યાની શંકાના આધારે મૃતકની ઓળખ છતી કરવા પોલીસે આજુબાજુના વિસ્તારમાં તપાસ હાથ ધરી છે. હત્યા કરાઈ હોવાની આશંકા સાથે જીલ્લાની એસ.ઓ.જી. અને એલ.સી.બી.પોલીસે તપાસમાં જોતરાઈ છે.

## પાવાગઢ યાત્રાધામ ખાતે રોપ-વે સેવા ખોરવાય તો દર્શનાર્થીઓને બચાવવાનું મોકડ્રીલ કરાયું



પાવાગઢ,

પંચમહાલ જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે કાર્યરત રોપ-વે સર્વિસ ખાતે ઈમરજન્સીના સમયે કરવામાં આવતી કામગીરીની ચકાસણી માટેની મોક એક્સરસાઈઝ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પાવાગઢ ખાતે આવેલ રોપ- વે સેવા ખોટકાતા સવાર મુસાફરોનો કઈ રીતે બચાવ કરવો તથા તેમને રોપ- વે કેબિન માંથી સુરક્ષિત નીચે ઉતરવાની સ્ટાન્ડર્ડ ઓપરેશન પોલીસીની ચકાસણી કરવામાં આવી હતી. આ મોકડ્રીલ જિલ્લા ડિઝસ્ટર એકમ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું તથા NDRF, મુક્ત જીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ રેસ્કયુ ટ્રેનીંગ એકેડેમી/IHRDC તથા પવાગઢ રોપ- વે ખાતેની ઈમરજન્સી ક્વીક રિસપોન્સ ટીમ દ્વારા સાથે મળી આ મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુક્ત જીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ રેસ્ક્યુ ટ્રેનીંગ એકેડેમી/IHRDC દ્વારા ચલાવવામાં આવતા ઈન્ટરનેશનલ ડિઝાસ્ટર ફ્રેન્ડશીપ એન્ડ નોલેજ શેરીંગ પ્રોગ્રામ અંતર્ગત અત્રેના જિલ્લાની મુલાકાતે આવેલ નેપાળ દેશનાં ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ દ્વારા બાહ્ય ઓબઝર્વર તરીકે કામગીરી કરાઈ હતી.

## કાલોલ પાલિકાના વોર્ડ નં.૭ આવેલ ગોળીબાર ગામમાં સ્મશાન અભાવે પરેશાની ભોગવતા ગ્રામજનો



કાલોલ,

કાલોલ નગરપાલીકાના વોર્ડ નંબર-૭ માં આવેલ ગોળીબાર ગામમા સ્મશાનના અભાવે નાગરીકોને ફરજિયાતપણે જૂની વ્હિટકો કંપની પાસે ગોમા નદીના કિનારે ખુલ્લી જગ્યામાં મૃત્યુ પામેલ પોતાના સ્વજનોને અંતીમ ક્રિયા કરવા માટે જવુ પડે છે અને ચોમાસા દરમિયાન વરસાદી માહોલમાં અંતીમ ક્રિયા કરવાનું ભારે મૂશ્કેલ બની જાય છે. કાલોલ નગર પાલિકા મા સમાવેલ આ વિસ્તાર હોવા છતાં પણ કોઈ વિકાસના કામો થયેલ નથી. આજ રોજ ગામના પર્વતભાઈ ઝાલાભાઈ નાયક નામના ૬૫ વર્ષીય વૃદ્ધનું મરણ થતા તેમના સ્વજનો અને ગ્રામજનો અંતિમક્રિયા ખુલ્લી જગ્યામાં કરવા મજબૂર બન્યા છે. ત્યારે આ ગામના લોકોને પ્રાથમિક સુવિધાઓ અને સ્મશાન ની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તંત્રે કમર કસવી રહી ચોકાવનારી વિગતો એવી છે કે આ જ ગામના કુદરતી રીતે કે બીજા કોઈ કારણે મરણ પામેલ નાના બાળકોને પણ અહીંયા દફનાવવામાં આવે છે.

## પંચમહાલ પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીના માર્ગદર્શન હેઠળ ગૃહ વિભાગની SPC યોજના અંતર્ગત સમર કેમ્પ અને ટ્રેનિંગનું આયોજન કરાયું



ગોધરા,

સરકાર દ્વારા શાળાના વિદ્યાર્થીઓમાં કાયદાના પાલન પ્રત્યે સમજ કેળવાય અને તેઓમાં આદર્શ નાગરિક બનવાની ભાવના પેદા થાય તેવા આશયથી ગૃહ વિભાગ દ્વારા સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના અમલમાં મૂકેલી છે. પંચમહાલ જિલ્લામાં એસ.પી.સી. યોજના અંતર્ગત જિલ્લા પોલીસ વિભાગ અને પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીના માર્ગદર્શન હેઠળ ગોધરા તાલુકાના રામપુરા સ્થિત ફાર્મસી કોલેજ અને જાંબુઘોડા તાલુકાના ધનપુરી સ્થિત ફ્યુચર લીંક સાઈન્સ સ્કુલ ખાતે છ દિવસના સમર કેમ્પ અને ટ્રેનિંગનું આયોજન કરાયું હતું. જે તા.૨૨ એપ્રિલથી ૨૭ એપ્રિલ દરમિયાન આજરોજ આ કેમ્પ અને ટ્રેનિંગનું સમાપન કરાયું હતું.આ ટ્રેનિંગમાં વિદ્યાર્થીઓને યોગા,પી.ટી., પરેડ અને વિવિધ કસરતનું માર્ગદર્શન અપાયું હતું.

આ પ્રસંગે પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી,તાલુકા પી.આઈ. પી.કે.અસોડા, કાંકણપુર પી.આઈ. પી.એમ. જુડાલ, મામલતદાર દવે, તાલુકા વિકાસ અધિકારી સોલંકી, કોલેજ અને શાળાના આચાર્યઓ, જાંબુઘોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. ઝાલા, કેમ્પ ઈન્ચાર્જ રાઠોડ, જિલ્લા અગ્રણી મયંકભાઇ દેસાઈ સહિતના લોકો ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ગોધરા બીજેપી કાર્યાલય ખાતે અનુસુચિત જાતિ મોચરાની કારોબારી યુવા જોડો અભિયાનની બેઠક યોજાઈ



ગોધરા,

પંચમહાલ જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાની કારોબારી અને યુવા જોડો અભિયાન અંતર્ગત ગોધરા ભાજપ કાર્યાલય ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ મોરચાના અદયક્ષ ગૌતમભાઈ ગેડીયાજી, જિલ્લા ભાજપ ના પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, પ્રદેશ મોરચાના મંત્રી નિલેશભાઈ આચાર્ય, જિલ્લા મોરચાના પ્રમુખ નારણભાઈ પરમાર, જિલ્લા મહામંત્રી કુલદીપસિંહ સોલંકી, ધવલભાઈ દેસાઈ, જિલ્લા ન્યાય સમિતિના ચેરમેન મણીબેન પરમાર, જિલ્લા મોરચાના પ્રભારી બુધાભાઈ ખડાયતા, જિલ્લા મોરચાના મહામંત્રી કે.ડી. પરમાર, નટુભાઈ સોલંકી, મોરચાના હોદ્દેદારો, કારોબારી સદસ્યો, યુવાનો, ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

**શહેરા ખાતે આવેલી મુક્તજીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ રેસ્કયુ ટ્રેનિંગ એકેડેમી/IHRDC માં નેપાળ દેશના ડિઝાસ્ટર મેનેજમેન્ટ તેમજ ફાયર રેસ્કયુની ટીમે મુલાકાત લીધી હતી. આ મુલાકાત ઈન્ટરનેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ નોલેજ શેરિંગ પ્રોગ્રામ ૨૦૨૩ અંતર્ગત કરવામાં આવી હતી.**

## કાલોલના એરાલ ગામે કુબેરપુરા ગામની મહિલા તિજોરીનું તાળું નહિ ખુલતાં લાગી આવતાં ઝેરી દવા પી જતાં મોત

કાલોલ,

કાલોલ તાલુકાના એરાલ ગામના કુબેરપુરા ગામે મહિલા તેના ઘરે લગ્નમાં પહેરવા માટે રકમો લેવા તેની માતા અને ભાઈ સાથે ગયેલ હતી. ત્યાં તિજોરીનું લોક ન ખુલતાં મનમાં લાગી આવતાં ઝેરી દવા પી જતાં સારવાર અર્થે દાખલ કરતાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના એરાલ ગામે કુબેર ફળીયામાં રહેતા મંજુલાબેન યોગેશભાઈ બારીયા તેના ઘરે લગ્નમાં પહેરવા માટે રકમો લેવા તેની માતા અને ભાઈની સાથે ગઈ હતી. ત્યારે તિજોરીનું લોક ન ખુલતાં મનમાં લાગી આવ્યું હોય જેને લઈ ઝેરી દવા પી જતાં દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી હતી.

## કાલોલના રાબોડા ગામે ૪૫ વર્ષીય મહિલાએ અગમ્યકારણોસર ઝેરી દવા પી જતાં સારવાર અર્થે દાખલ કરાયા

કાલોલ,

કાલોલ તાલુકાના રાબોડ ગામ રહેતી ૪૫ વર્ષીય મહિલાએ કોઈ અગમ્યકારણોસર ઝેરી દવા પી જતાં દવા સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના રાબોડ ગામ રહેતી જશોદાબેન અશોકભાઈ ભોઈને કોઈ કારણોસર ઝેરી દવા પી જતાં દવા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.